RNI No. 22805 / 1973

શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ, મુંબઈનું મુખપત્ર

# સોરઠ વિશાશ્રીમાળી

(SORATH VISASHRIMALI )

Vol. : 49 Issue No. : 2-3 * Mumbai * February-March 2022 * Gujarati - Monthly * * Pages 44 * Price : Rs. 8/-

## SHRI SORATH VISHA SHRIMALI
## JAIN MITRA MANDAL
## GHATKOPAR
## PRESENTS










## માર્ચ માસના મુખપત્રના ''સૌજન્યદાતા''



શ્રી શ્રીકાંતભાઈ (ભીખુભાઈ) સાકરચંદ વસા

આપણા સમાજના ભૂતપૂર્વ પ્રમુખશ્રી તેમજ જૈન સમાજની અગ્રગણ્ય શિક્ષણ સંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલયના માનદ્ મંત્રીશ્રી અને ટ્રસ્ટી શ્રીકાંત (ભીખુભાઈ) સાકરચંદ વસાના જીવનનો સંક્ષિપ્ત પરિચય અહીં આપેલ છે.

પ્રાથમિક શિક્ષણ રાજકોટમાં તથા માધ્યમિક શિક્ષણ ધોરાજી ખાતે શ્રી દેવકરણ મૂળજી જૈન બોર્ડીંગમાં કરેલ. બોર્ડીંગના ડોનર ટ્રસ્ટી પણ છે. ત્યારબાદ મુંબઈ આવી કૉલેજમાં અભ્યાસ કરી, મુંબઈ યુનિવર્સિટીમાંથી એલએલ.બી.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. જે સંસ્થામાં તેઓ વિદ્યાર્થી તરીકે ભણ્યા તે જ સંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં ભૂતપૂર્વ ચૅરમેન તથા માનદ્મંત્રી પદ શોભાવી ચૂક્યા છે. જે આપણા સમાજ માટે ગૌરવની વાત છે.

એડવોકેટ તરીકે ઈ.સ. ૧૯૬૫થી ટેક્ષ અને પ્રોપર્ટી કન્સલ્ટન્ટ તરીકેના વ્યવસાયમાં સફળ થયા. ઈન્વેસ્ટમેન્ટ અને પ્રોપર્ટીમાં સક્રિય રસ લઈ ખૂબ સફળતા મેળવી. સાધારણ કુટુંબમાં જન્મ લઈ સંઘર્ષ કરી વકીલાતનો અભ્યાસ કર્યો અને આપબળે શૂન્યમાંથી સર્જન કર્યું. એમની માન્યતા છે કે માનવી પુરુષાર્થથી જીવનમાં સફળ થાય છે. જોકે પ્રારબ્ધ હોવું પણ જરૂરી છે, પરંતુ પ્રારબ્ધ માનવીના હાથમાં નથી અને પ્રારબ્ધ માટે ઈશ્વરમાં શ્રદ્ધા તથા પ્રાર્થના સિવાય કોઈ વિકલ્પ પણ નથી. નિષ્ઠાપૂર્વક કરેલાં પ્રયત્નો, ઉઠાવેલો પરિશ્રમ અને ખંતપૂર્વકની સારી સમજણથી વ્યક્તિત્વનો વિકાસ શક્ય છે. વ્યક્તિ સમય અને સંજોગો પ્રમાણે શાણપણથી વિચારે, યોગ્ય આયોજન (પ્લાનિંગ) કરે તો સફળતા સહજ છે. નૈતિક મૂલ્યોનો આધાર અને કેળવણી જીવનમાં સમૃદ્ધિ લાવે, રિદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિ ને સુ-સ્વાસ્થ્ય પણ આપે છે. 'પહેલું સુખ તે જાતે નર્યા' નો અમલ કરવા માટે સપ્રમાણ જીવન જીવવું જરૂરી છે. અંતિમ માર્ગી બનવા કરતાં મધ્યમ માર્ગી બનવામાં વિશેષ ડહાપણ છે. આર્થિક સ્વાવલંબન જીવનમાં જરૂરી છે.

ધનનો સદુપયોગ થવો જરૂરી છે, પરંતુ માત્ર ધન જ બધું સુખ આપી શકતું નથી. વિવેકદષ્ટિ, પ્રમાણભાન, કોઠાસૂઝ અને સમયસરનો યોગ્ય નિર્ણય વગેરે સફળતામાં સહાય કરે છે. વ્યવહારુ અભિગમ કોઈ કૉલેજ કે યુનિવર્સિટીમાં શીખવવામાં આવતાં નથી. તેના માટે યોગ્ય વાંચન અને સંત-સમાગમ જરૂરી છે. શિસ્ત અને નિયમિતતાના તેઓ આગ્રહી છે.

તેઓશ્રી ઘણી સંસ્થાઓમાં સભ્ય છે. કંપનીઓમાં ડાયરેક્ટરનાં હોદ્દા સંભાળે છે. રોટરી જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાના પણ તેઓશ્રી પ્રમુખ રહી ચૂક્યા છે.

સમાજોત્કર્ષના અભિગમમાં શ્રીકાંતભાઈ ઉત્તરોત્તર પ્રગતિ સાધતા રહે તથા ઈશ્વર તેમને દીર્ઘાયુષભર જીવન બક્ષે એવી સદ્ભાવના.

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી

અંક - ૨-૩ ⊙ વર્ષ : ૪૯ ⊙ ફેબ્રુઆરી-માર્ચ ૨૨ ⊙ મૂલ્ય રૂા. ૮

## "માની પાવન ચરણરજ"

માંની આંગળી પકડી ચાલતું બાળક, કેવું સલામત લાગે છે
મને તો એમાં માંના સ્નેહની, અદ્દભુત કરામત લાગે છે.
માંની આંગળી

જેને માંનો ખોળો નસીબ નથી, એ બાળક ગરીબ લાગે છે,
માંની ઓથે જીવતા હર કોઈને, ખુશ હાલી કરીબ લાગે છે.
માંની આંગળી

મીઠી નિદ્રા કાનુડો માણે રે, મૈયા યશોદા પારણું ઝૂલાવે રે,
મારું ચિત્ત એટલું જ જાણે રે, માં વિના પ્રભુવનેય ન ચાલે રે
માંની આંગળી

તો પછી સપૂત બની હણજો રે, માંની કાલની વ્યથાને,
ન વીંધજો કદાપિ કુદરતે, સર્જેલ વહાલની પ્રથાને.
માંની આંગળી

મંદિરે જતા ભક્તને સાંભળો, શું કહે છે અરે ભગવાન,
માંની ચરણરજ પામો પ્રથમ, એ જ છે દિવ્ય વરદાન.
માંની આંગળી

ઓછું નથી લાવતી કદી માવડી, જો સંતાનનો સાથ છે,
ઘડપણ આવે તોય ખોળામાં, મમતાનો એ જ સ્વાદ છે,
માંની આંગળી

વીરમે નહીં માવડીના તોય વહેતા વહાલનો ધોધ રે,
જનની થકી આ જીવન પ્યારું, સુણ જગ અમુલ બોધ રે,
માંની આંગળી

ચંદ્રકાંત એચ. પારેખ


## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ

**શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,**
૪, દેવકરણ મેન્શન, બિલ્ડિંગ નં. ૭, બીજે માળે, ૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ-૪૦૦૦૦૨
**For Website Registration Mobile No. 9321775805**
**ફોન : ૦૨૨-૨૨૦૬૯૧૭૨**
સમય : બપોરે ૧-૦૦થી સાંજે ૬-૦૦ (1.00 pm to 6.00 pm)
Email : svjainsamajmumbai2@gmail.com-data@svjainsamaj.com
www.svjainsamaj.com
**તંત્રી : શ્રી રાજેન્દ્ર ઓત્તમચંદ પુનાતર** મો. ૭૦૨૧૨૦૧૨૮૦



### સમાજની કારોબારી સમિતિ

શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા ---------------------------- પ્રમુખ
શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા -------------------- ત.ભૂ. પ્રમુખ
શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા ----------------------------ઉપ પ્રમુખ
શ્રી આશિષભાઈ વિનોદરાય મહેતા --------------------- માનદ્‌મંત્રી
શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી ----------------- માનદ્‌મંત્રી
શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા ------------------------ ખજાનચી
શ્રી રાજેન્દ્રભાઈ ઓત્તમચંદ પુનાતર------------------- મુખપત્ર તંત્રી
શ્રી મહેશભાઈ કાંતિલાલ વોરા ----------------------------- સભ્ય
શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી--------------------------- સભ્ય
શ્રી જયંતભાઈ ચુનીલાલ દોશી ----------------------------- સભ્ય
શ્રી સંજયભાઈ ધનસુખલાલ મેહતા -------------------------સભ્ય
શ્રી કીર્તિભાઈ રસિકલાલ વસા ------------------------------ સભ્ય
શ્રી કમલભાઈ કાંતિલાલ દોશી ------------------------------ સભ્ય
શ્રી અતુલભાઈ ધનજીભાઈ વસા ---------------------------- સભ્ય
શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા ------------------------------ સભ્ય
શ્રી શૈલેષભાઈ વ્રજલાલ વોરા -------------------------------સભ્ય
શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા -------------------------- કો-ઑપ્ટ
શ્રી પ્રવિણચંદ્ર ચીમનલાલ વોરા -------------------------- કો-ઑપ્ટ



**BANK DETAILS:**
**Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**
**BANKER : Bank of Baroda, M. J. Market, Mumbai-3**
**S. B. A/c No. 03870100000044**
**IFSC : BARB0BULLIO MICR : 40012047**

**Name : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST**
**BANKER: UNION BANK OF INDIA**
**Princess Street, Mumbai - 400 002**
**S.B.A/c. No. 319102010054364**
**IFSC : UBIN0531910**

**કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે**
**Auditor : Viren Vasa & Associates**
**Chartered Accountants, Mumbai**

| **લવાજમના દરો** | | **ભારતમાં** |
|---|---|---|
| વાર્ષિક : | રૂા. ૧૦૦/- | આજીવન રૂા. ૧૫૦૦/- |

પરદેશમાં (ફક્ત વાર્ષિક) : USD 20 Yearly

મુદ્રણ અને પોસ્ટિંગ **અરિહંત પ્રિન્ટિંગ પ્રેસ-નીતિનભાઈ બદાણી**
સાઈબાબા નગર, ૩૧૦ ત્રિકાલ બિલ્ડિંગની પાછળ, નાયડુ કોલોની પાસે,
પંતનગર, ઘાટકોપર (ઈ), મુંબઈ-૭૫ **ફોન : ૯૨૨૩૪૩૦૪૧૫**

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્રમંડળ – મુંબઈ

શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ કાર્યાલય, ૨૦/૨૪, જૂની હનુમાન ગલી,
પ્રાગજી વૃંદાવન પ્રીમાઈસીસ કો. ઓ. સોસાયટી લી., રૂમ નં. ૪૩, ૩જે માળે, મુંબઈ - ૪૦૦ ૦૦૨. ફોન ૪૯૧૩૪૦૩૦

## રાહત દરે અનાજ વિતરણ યોજના

ફેબ્રુઆરી ૨૦૨૨ માસના
અનાજ વિતરણમાં ભાગ
લેનાર ભાગ્યશાળીઓ

શ્રી ઉમેદચંદ
અમૃતલાલ શાહ
પરિવારના સૌજન્યથી



શ્રી ઉમેદચંદ અમૃતલાલ શાહ



શ્રીમતી હંસાબેન ઉમેદચંદ શાહ

શ્રી સાકરચંદ
વેલજી વસા
પરિવારના સૌજન્યથી



શ્રી સાકરચંદ વેલજી વસા



શ્રીમતી ઉજમબેન સાકરચંદ વસા

માર્ચ ૨૦૨૨ માસના
અનાજ વિતરણમાં ભાગ
લેનાર ભાગ્યશાળીઓ

શ્રી ફુલચંદ
લીલાધર વોરા
પરિવારના સૌજન્યથી



શ્રી ફુલચંદ લીલાધર વોરા



શ્રી પ્રાણલાલ ફુલચંદ વોરા



# તંત્રીસ્થાનેથી

માનનીય પરિવારજનો,

પ્રણામ,

''જીવન ચલને કા નામ, ચલતે રહો સુબહ ઔર શામ.'' જીવ માત્ર સફર કરી રહ્યો છે. આ ભીડભરી દુનિયામાં કોણ ક્યાં જઈ રહ્યો છે એની ખુદનેય ખબર નથી. પૃથ્વી, જળ, આકાશ, વાયુ અને અગ્નિ જેવાં પંચ મહાભૂતોથી જેનો જન્મ થયો છે તે સર્વની સંજ્ઞા ભૂત છે. પ્રત્યેક ભૂત ભ્રમણ કરી રહ્યું છે. જીવન ગતિમાન છે. જીન્મથી મૃત્યુ પર્યંત સૌ કોઈ ગતિમાં છે. જન્મ પૂર્વે અદૃશ્ય, ગર્ભમાં અનામી અને જન્મથી દૃશ્ય અને નામી એવા નિરાકાર દેહમાંથી સાકાર શરીરમાં રૂપાંતર થાય છે, પરંતુ નિરંતર ચાલવાનો રહેતા જીવનમાં પ્રગતિ છે? જીવન-સફર પ્રવેગી છે? જો ગતિમાં પ્રગતિ ન હોય તો એવી ગતિ અને એવી સફરનો અર્થ શું છે? જેમ આપણી રહગુઝર પર મંજિલનું અસ્તિત્વ ન હોય તેમ ચાલતા જીવનનું કોઈ લક્ષ્ય ન હોય, તો ચાલવાનો કોઈ મતલબ ખરો? આવા પ્રવાસ અને રખડપટ્ટીમાં ફર્ક શો છે? જન્મ અને મૃત્યુમાં ભ્રાંતિ ભસ્મ નથી થઈ, સંશયોનું સ્મશાન નથી થયું, લક્ષ્ય લભ્ય નથી થયું તો ભટકવા અને ભ્રમણમાં કોઈ તફાવત નથી. મૃત્યુ પછી પણ જીવ ફરીથી જીવ તરીકે પુનર્જીવિત થાય છે. જીવત્વમાં જો બ્રહ્મત્વ પ્રગટે નહીં, જીવ સ્વયં બ્રહ્મરૂપે પરખાય નહીં, જીવ-બ્રહ્મ ઐક્ય અનુભવાય નહીં તો આવી યાત્રા નિરર્થક અને અફળ છે.

પ્રવાસ ખેડવો સરળ અને સહજ હોઈ શકે, એમાં આનંદની અનુભૂતિ હોઈ શકે, પરંતુ પરમપુરુષાર્થના પ્રયાસ કે લક્ષ્યપ્રાપ્તિના ધ્યેય વિનાની પ્રગતિ દુર્ગમ છે, દુષ્કર છે, અર્થવિહીન છે. ચાલતા સૌ કોઈને આવડે છે, પણ ક્યાં અને કેવી રીતે ચાલવું એની સમજ ન હોય તો પગ લપસી જાય છે. સદ્‌ગુરુ શ્રીમદ્ રાજચંદ્રજીના અમર વિધાન મુજબ ''કર વિચાર તો પામ'' પ્રમાણે કંઈક પામતાં પહેલાં વિચાર કરવો, નિર્ધાર કરવો અને પછી જ ભવ પાર કરવો ઉચિત છે.

સરિતાની સફર સમજો અને જીવનમાં ઉતારો. નાચતી-કૂદતી, વણથંભી દોટ મૂકતી ક્યાંય ભયભીત નથી. વચ્ચે આવતી શિલાઓ સાથે ટકરાતી ક્યાંય એ કાયર નથી, કારણકે, એનું ધ્યેય છે સાગરમિલન. મસ્તીથી લાંબી સફર ખેડતી સરિતા અંતે સ્વને ભૂલીને સિંધુ બને ત્યારે એનું ધ્યેય પૂર્ણ થાય છે. જે પોતાના અસ્તિત્વને ભૂલે તે પરમસત્ત્વને પામે. મનુષ્ય પ્રતિપળ પરમાત્માનું સ્મરણ કરીને પોતાની ભીતરમાં પરમાત્માનું પ્રાગટ્ય ન કરી શકે? અવશ્ય કરી શકે, પરંતુ એને માટે માત્ર ચાલવાનું નથી. આપણા તમસ્ ગુણને ખંખેરીને રજસ્ ગુણમાં પ્રવેશીને સત્ત્વ ગુણ પ્રાપ્ત કરવાનો છે. જીવનનું લક્ષ્ય આપમેળે પ્રાપ્ત થઈ જશે. યાદ રહે કે જીવન ચાલવાનું નામ છે, પરંતુ એ સફરમાં પરમાત્માને પામવાનો એક મૂલ્યવાન મુકામ છે, એ આપણા લક્ષ્યનું પરમ ધામ છે.

**શ્રી રાજેન્દ્ર ઓત્તમચંદ પુનાતર**

**મો. ૭૦૨૧૨૦૧૨૮૦**

# શ્રદ્ધાંજલિ



## સ્વ. શ્રી મથુરાદાસ છોટાલાલ સાવડીયા
## તા. ૧૦/૦૨/૨૦૦૧

*''સુખ-દુઃખમાં સદાય હસતાં રહ્યા તમે,*
*સૌના હૃદયમાં વસતા રહ્યા તમે,*
*અણધાર્યા છોડી ગયા જીવન છતાં જીવીત હોવાનો ભાસ છે,*
*દર્શન નથી તમારા દેહના પણ હૃદયમાં તમારો વાસ છે.''*

પુત્ર : **મહેશભાઈ મથુરાદાસ સાવડીયા (મુલુંડ)**
પુત્રવધૂ: **હર્ષા મહેશભાઈ સાવડીયા**

પૌત્ર : **નેમીનકુમાર મહેશભાઈ સાવડીયા**
પૌત્રવધૂ : **સોનાલી નેમીનકુમાર સાવડીયા**
પ્રપૌત્ર : **સાહિલ નેમીનકુમાર સાવડીયા**
પ્રપૌત્ર : **કયાન નેમીનકુમાર સાવડીયા**

પૌત્રી : **પાયલ પ્રણવકુમાર દિનેશભાઈ શાહ**
પ્રપૌત્રી : **નુપૂર પ્રણવકુમાર શાહ**
પ્રપૌત્ર : **આર્ય પ્રણવકુમાર શાહ**

પુત્રી : **કુમુદ જસવંતરાય ખુશાલચંદ મહેતા (ઉપલેટા)**
દોહિત્રીઃ **કાજલ જસવંતરાય મહેતા**

પુત્રી : **નયના પ્રવીણચંદ્ર ફુલચંદ મહેતા (મોટી પાનેલી)**
દોહિત્ર : **નિખીલ પ્રવીણચંદ્ર મહેતા**
દોહિત્રીઃ **હેતલ ભાવેશકુમાર શાહ**
દોહિત્રીઃ **બિજલ હેમાંશકુમાર કોરડીયા**

# સમાજ ધર્મ અને પરિવારમાં સાચું કહેવાની હિંમત બહુ ઓછાં લોકોમાં

**શ્રી મહેન્દ્રભાઈ પુનાતર**

સમાજમાં જાગૃતિ માટે વૈચારિક સ્વાતંત્ર્ય, નિર્ભયતા, સાચું બોલવાની હિંમત અને શક્તિ અત્યંત જરૂરી છે. માણસ જાતજાતના વિચારો કરે છે. મનમાં એક હોય વાણીમાં બીજું અને વર્તનમાં ત્રીજું. એમ વિચારોના વમળો ચાલ્યા કરે છે. મનમાં જે સાચી વાત હોય તે કેટલીક વખત વાણીમાં પ્રગટ થઈ શકતી નથી અને વર્તનમાં તો તેને ઉતારવાનું અતિ કઠીન છે. માણસ મોટાભાગે બહુ વિચાર કરતો નથી પરંપરા મુજબ જે ચિલ્લો પડ્યો હોય તેમાં ઉંધું માથું નાખીને ચાલ્યા કરે છે.

આ માર્ગ ચાતરવાની તેની હિંમત નથી. સમય પ્રમાણે કાંઈક નવું સાચું કરવાની તેની ઈચ્છા થતી નથી. વ્યક્તિની સૌથી મોટી નબળાઈ એ છે કે તે હંમેશા વિચારે છે કે જો હું આમ કરીશ તો લોકો શું ધારશે. કેવા પ્રત્યાઘાતો પડશે. લગ્ન, સગપણ અને બીજા પ્રસંગોમાં જે ખોટા ખર્ચાઓ થાય છે તે પાછળનું આ કારણ છે. માણસ શક્તિ હોય કે ન હોય પણ ખેંચાયા કરે છે. વ્યક્તિ સામાન્ય રીતે પોતાના વિચારો મુજબ ચાલતી નથી મોટો સમૂહ જે તરફ જતો હોય તે તરફ ઘસડાયા કરે છે. ભલે પછી ઠેબા વાગે તો પણ વાંધો નહીં. કોઈ પણ બાબત અંગે લાંબો સમજપૂર્વકનો વિચાર કરવાને બદલે આપણે પ્રસ્થાપિત પ્રણાલિકાઓને અનુસરીએ છીએ. મોટા માણસો અને આગેવાનો જે રસ્તે ચાલે છે તેનું આપણે અનુકરણ કરીએ છીએ. બધાં જે રસ્તે જતાં હોય એને અનુસરવામાં કોઈ જોખમ નથી એમ આપણે માનીએ છીએ. લોકો ટોળામાં ચાલે છે તેનું આપણે અનુકરણ કરીએ છીએ. બધાં જે રસ્તે જતાં હોય એને અનુસરવામાં કોઈ જોખમ નથી એમ આપણે માનીએ છીએ. લોકો ટોળામાં ચાલે છે. ટોળામાં નબળો માણસ પણ સબળો બની જાય છે. સમુહમાં પોતાની ઉણપને છુપાવી શકાય છે. આપણી નજર બીજા તરફ છે. આપણે શું કરવું છે, આપણા માટે શું સારું છે તે આપણે વિચારી શકતા નથી. આના કારણે જુના રીતરિવાજો અને ધતીંગો ચાલ્યા કરે છે.

માણસ પ્રકૃતિથી રૂઢિચુસ્ત છે. જે ચાલતું હોય તે ચાલવા દે છે. જૂદી કે નવી વાત કરવાની હિંમત નથી. આમાં સમાજથી અલગ પડી જવાનો ડર રહે છે. સમાજ વ્યક્તિઓથી બને વ્યક્તિઓની નબળાઈ સમાજની નબળાઈ છે. વ્યક્તિ સુધરે નહીં, તેનામાં સાચી સમજ આવે નહીં ત્યાં સુધી જાગૃતિ ઊભી થાય નહીં. કોઈ નવી વાત કે નવો અભિગમ હોય ત્યારે પ્રથમ આપણે કહીએ છીએ કે તમારી વાત સાચી પણ પરંતુ બધા કરશે તો હું કરીશ બધા નથી કરતા તો મારે એકલાએ કરવાની શી જરૂર છે.''

સમાજમાં, ધર્મમાં, પરિવારમાં સાચું કહેવાની બહુ ઓછા લોકોમાં હિંમત હોય છે. સાચું કહીએ તો કોઈને તો ખોટું લાગવાનું. પોતાનું હિત અને સ્વાર્થ હોય ત્યારે માણસ સાચું બોલે છે. બાકી કોઈ સાચું બોલવાની ચિંતા કરતું નથી. આમાં આપણે શા માટે આંખે થવું એવું લોકો વિચારતા હોય છે.

માણસ જ્યાં સુધી સ્વતંત્રપણે વિચાર કરે નહીં અને પોતાનું હિત શેમાં છે તે સમજે નહીં ત્યાં સુધી તેને બીજાના વિચારોને આધિન થવું પડે છે. સ્વતંત્ર અભિવ્યક્તિ અને નિડરતા ન હોય તો માણસનો વિકાસ રૂંધાઈ જાય. તે લાચાર અને અસહાય બની જાય. સમાજનો મોટો વર્ગ જે બાબતમાં પોતે માને છે અથવા પોતાને જે સાચું લાગે છે તે અંગે પોતાના વિચારો વ્યક્ત કરતો નથી એટલે મુઠ્ઠીભર માણસો સમાજને ઉંધી રીતે દોરવી જાય છે. રાજકારણમાં પણ

# શ્રદ્ધાંજલિના શ્રદ્ધાસુમન

જન્મ :
તા. ૫-૨-૧૯૪૭





અરિહંતશરણ :
તા. ૭-૩-૨૦૧૫



## સ્વ. હર્ષદભાઈ રતિલાલ મહેતા

તમે આવ્યા અમારા જીવનમાં, ફૂલછડી બનીને,
ધૂપસળી બની સર્વત્ર મહેંકી ઊઠયા,
યાદ તમારી આવતા આંખલડી છલકાય છે,
જોઈ તસ્વીર તમારી, આંસુ ઊભરાય છે.

### પ્રેમાળ પરિવાર

સ્વ. વિમળાબહેન રતિલાલ મહેતા

શ્રીમતી કિરણબહેન હર્ષદભાઈ મહેતા

ચિ. બિનીતા નિખિલેશ ઉતપત્ત

રમેશભાઈ - હેમલતાબેન

મધુકરભાઈ - પ્રજ્ઞાબહેન

મનોજભાઈ - કુંદનબહેન

ઈન્દુબહેન - સ્વ. ભૂપતરાય અજમેરા

સરલાબહેન - સ્વ. નીતિનભાઈ વોરા

મીનાક્ષીબહેન - નરેશભાઈ વોરા

સ્વ. નિર્મળાબહેન કાંતિલાલ વોરા

મહેશભાઈ - પ્રીતિબહેન

પંકજભાઈ - રેખાબહેન

KAYAMI / MARCH

આ જ પરિસ્થિતિ છે. સાચું વિચારવું, બોલવું અને કરવું બહુ મુશ્કેલ છે.

યુવાન વર્ગમાં આ અંગે સમજણ અને જાગૃતિ આવે, લઘુતાગ્રંથી ઉભી ન થાય. સ્વતંત્રપણે નિડરતાથી પોતાના વિચારો વ્યક્ત કરી શકે આ ઉપરાંત તેમનામાં આત્મ સન્માનની ભાવના પ્રગટે અને દરેક પ્રશ્નને સાચી દૃષ્ટિથી મૂલવી શકે એવી પરિસ્થિતિ નિર્માણ કરવાની જરૂર છે.

કોઈપણ બાબતમાં બિનજરૂરી રીતે પ્રભાવિત બની જવાનું કે અંજાઈ જવાનું કે પોતાની જાતને ઉતરતી કે અસહાય માનવાનું કોઈ કારણ નથી. માણસ ધારે તો બુદ્ધિ અને મહેનત વડે આ બધું મેળવી શકે છે. સમાજમાં મોટેભાગે શ્રીમંતો અને શક્તિશાળી માણસોની કારણ વગર ખુશામત અને હાજી હા થતી હોય છે. કોઈ સારું કાર્ય કરે તો તેની પ્રશંસા જરૂર થવી જોઈએ. પણ કેટલીક વખત તેમાં પ્રમાણભાન જળવાતું નથી. બધાને મોટા થવું છે. આવું બધું ન થાય તો ગમતું નથી.

સમાજ અને આપણી સાંપ્રત વ્યવસ્થામાં પરિવર્તન સુધારાઓ માટે સમય લાગે. છેલ્લા થોડા વર્ષોમાં ઘણો બદલાવ આવ્યો છે અને જાગૃતિ ઉભી થઈ છે. પણ હજુ ઘણું કરવાનું બાકી રહ્યું છે. કેટલાક જુના રીતરિવાજો નાબુદ થયા છે. પણ કેટલાક નવા નકામાં રિવાજો ઉભા થયા છે. સમૃદ્ધિ વધવાની સાથે નવા નવા ઢંગો ઉભા થાય છે. આ સારી નિશાની નથી. પ્રગતિશીલ સમાજ લોકોને ઉપયોગી નવા આવિષ્કારોને સ્વીકારે છે. પણ આ અંગે સાવચેતી રાખવી જરૂરી છે.

સમાજને સુધારવાનો સહેલો રસ્તો એ છે કે આપણે સુધરી જવું. ખોટું કરવું નહીં.

કોઈથી ખોટી રીતે દબાવુ નહીં. પોતે નિર્બળ અને અસહાય છે એમ માનવું નહીં. બની શકે તો કોઈની સામે હાથ લાંબો કરવો નહીં અને કોઈની પાસેથી કશી અપેક્ષા રાખવી નહીં. તેમજ આપણા સાધનોમાં સ્વમાનપૂર્વક ગૌરવથી જીવવું.

**શ્રી મહેન્દ્રભાઈ પુનાતર**
**મો. ૯૬૧૯૬૮૬૬૦૯**

# BIO DATA



**Name** : **Vinit Deepakkumar Sheth**
**DOB** : 12th May, 1994
**Height** : 5.7
**Time & Place:** 11:04 pm, Akola
**Complexion** : Wheatish fair
**Education** : Bachelor of Engineering - B.E. (Shah & Anchor Kutchhi Engg Clg. Chembur)
**Occupation** : IT Consultant at Capgemini Services Pvt. Ltd. (Been to London onsite for 2 years)
**Caste** : Sorath Visha Shrimali Deravasi Jain
**Native Place**: Jetpur (Saurashtra)
**Hobbies** : Listeing to music, Exploring new places, Reading books, Fitness
**Father** : Deepak Chamanlal Sheth
**Occupation** : Service at New India Imaging Industries Pvt. Ltd. Khairne MIDC, Navi Mumbai. (Mob.: 9870324353)
**Mother** : Jyoti (Jigna) Deepakkumar Sheth (Homemaker) (Mob.: 7208874188)
**Sister** : Himanshi Jatin Savadia (Married-Nagpur)
**Grandfather** : Late Chamanlal Durlabhji Sheth
**Grandmother**: Late Rasilaben Chamanlal Sheth
**Mosal** : Late Ramniklal Ramji Mehta, Akola
**Residence** : C-49, 1:1, Diamond C.H.S. Ltd., Sector-29, Vashi, Navi Mumbai - 400 703.
**Email** : shethvinit4@gmail.com

# ચતુર્થ પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ

જન્મ :
તા. ૨૯-૫-૧૯૨૭



અરિહંતશરણ :
તા. ૨૯-૩-૨૦૧૮

## સ્વ. શ્રી નરોત્તમભાઈ મંગળજી દોશી

સુગંધ આપના સ્નેહની પ્રસરતી રહેશે,
વસ્યા છો દૂર છતાં, કૃપા આપની વરસતી રહેશે.
હતા નજર સમક્ષ, પાંપણ પલકારે મોક્ષ પામી ગયા,
દર્શન નથી તમારા દેહના પણ હૃદયમાં તમારો વાસ છે.

**લિ. : શ્રીમતી પુષ્પાબેન નરોત્તમભાઈ દોશી પરિવાર**

| | | |
|---|---|---|
| પુત્ર | : | પરેશ |
| પુત્રવધૂ | : | દીના |
| પૌત્ર | : | ઉમંગ |
| પૌત્રી | : | પ્રાચી |
| દીકરી-જમાઈ | : | નીતા કિશોર ગાંધી |
| | | નિધી જીતેશ ગાંધી |
| | | જૈનમ જીતેશ ગાંધી |
| દીકરી-જમાઈ | : | દક્ષા રાજેશ શાહ |
| | | રિદ્ધિ - ધૈર્ય |

KAYAMI / MARCH

# સોરઠ વિશા શ્રીમાળી જૈન મહિલા મંડળ - બોરીવલી

લોકડાઊનની અસરથી ગ્રસ્ત થઈ તાણ અનુભવતી મહિલા મંડળની બહેનોએ છુટકારાનો અનુભવ કરી નિરાંતનો શ્વાસ લીધો જ્યારે 'વુમન્સ ડે'' નિમિત્તે ૮મી માર્ચ ૨૦૨૨નાં દિવસે લાંબા ગાળા બાદ પ્રોગ્રામની જાહેરાત થઈ. બોરીવલી મહિલા મંડળની સભ્ય બહેનોએ જબરો પ્રતિસાદ આપ્યો. પિંક અને બ્લુ રંગને ડ્રેસ કોડ રાખવામાં આવ્યો હતો. પુરી કમીટી તથા સભ્ય બેનો સહુ ખુબ ઉત્સાહમાં હાજર રહી ડ્રેસકોડનુ પાલન કર્યુ



હતુ. શાંતિનગર હોલ ખાતે ૨ વર્ષના કોરોના કાળ પછીનો બીજો પ્રોગ્રામ ''મ્યુઝીકલ ગેમ શો તથા ડી. જે.''નું આયોજન કરવામાં આવું. આ વુમન્સ ડે સ્પેશીયલ પ્રોગ્રામને બહેનોએ હર્ષપૂર્વક વધાવ્યો.

કમીટીએ સભ્ય બહેનોને મીઠું મોઢુ કરાવતા સ્વાગત કર્યુ ત્યાં પ્રોગ્રામની શરૂઆત કરી. લગભગ બધી જ બહેનોએ ગેમ રમવામાં ભાગ લીધો. રમવામાં ખોવાઈને બધાએ પુરી મજા લઈ સંગીતને તથા નવી નવી ગેમ્સને માણી દરેક ગ્રુપ આનંદીત હતુ. ઈનામોની વણઝારથી દરેક જીતનારને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. સભ્ય બહેનોની બર્થ ડે એનીવર્સરી જેઓની માર્ચ મહીનામાં આવતી હતી તેમની ઉજવણી રૂપે તથા વુમન્સ ડેની ઉજવણી રૂપે કેક કાપી આ ઉજવણીને નવો રંગ આપવામાં આવ્યો.

આ રમતોના દોરની વચ્ચે બોરીવલીના મંડળને ઘણા વર્ષો સુધી પ્રમુખ તરીકે સેવા આપનાર શ્રી ડૉ. હસમુખભાઈ મહેતાને તથા સભ્ય બહેનો જેમણે કોરોના દરમ્યાન પોતાના સ્વજનો ગુમાવ્યા તે સૌને યાદ કરીને બે મિનિટ મૌન ધારણ કરીને શ્રદ્ધાંજલી આપવામાં આવી.

સભ્ય બહેનોએ પોતાના સારા પ્રસંગોમાં મંડળને યાદ કરી ભેટ લખાવી તે બદલ મંડળે આભાર વ્યક્ત કર્યો પ્રમુખ શ્રી તુલાબેન મહેતાએ કમીટીની બેનો જોડે ગેમ રમી બધાનો ઉત્સાહ વધાર્યો. વુમન્સ ડેની ઉજવણીનો ઉત્સાહ દરેકની આંખોમાં વર્તાતો હતો, મ્યુઝીકલ ગેમ્સ



રમ્યા પછી ડી. જે પર ગરબા રમી બનોએ આનંદમાં ઉમેરો કર્યો.

શ્રીમતી દિપાલીબેન ડિમ્પલભાઈ મહેતા જેઓ પોતે મંડળના સભ્ય છે અને પોતાનો કેટરીંગનો બિઝનેસ ધરાવે છે તેમની સર્વિસ લેવાનું મંડળે પસંદ કર્યુ તેમાં દિપાલીબેને ખૂબ પ્રેમપૂર્વક ભોજન પીરસી બેનોના દીલ જીતી લીધા. બહેનોએ સ્વાદપૂર્વક ભોજન માણ્યુ. ભોજન બાદ સર્વ બહેનોએ ફરી જલ્દી મળવાની ઈચ્છા દર્શાવી છુટા પડ્યા. વુમન્સ ડે નિમિત્તે આ આનંદ જોવાથી વધુ પ્રતિભાવ શું



હોઈ શકે? જલ્દી જ પાછા મળીશુ એવા પ્રતિભાવ સાથે કમીટીએ અને પ્રમુખશ્રી તુલાબેને પણ ખૂબ સંતોષ અનુભવ્યો.

**તુલાબેન મહેતા**
**પ્રમુખ**

**લિ. ફાલ્ગુની મહેતા**
**સેક્રેટરી**

# ભાવભરી શ્રદ્ધાંજલિ



## સ્વ. શ્રી કાંતિલાલ અમૃતલાલ શાહ

જન્મઃ તા. ૩-૧૧-૧૯૩૬ * સ્વર્ગવાસ : તા. ૭-૨-૨૦૧૮

મૂળ વતન : થાણા દેવડી (અમરનગર) - હાલ : ભાયંદર

***પિતા એવા હોય છે, જેમના હોવાનો અહેસાસ ક્યારેય થતો નથી***
***પણ ના હોવાનો અહેસાસ બહુ થાય છે.***

''સુખને છલકાવ્યું નહીં, દુઃખને દેખાડ્યું નહીં.
જીવન તમે એવું જીવ્યા ભૂલ્યું ભુલાય નહીં.
સુગંધ આપના સ્નેહની પ્રસરતી રહેશે,
વસ્યા છો દૂર છતાં કૃપા આપની વરસતી રહેશે.''

## લિ. દક્ષાબેન કાંતિલાલ શાહ પરિવાર

પુત્રઃ **અમિત** પુત્રવધૂ : **પૂજા** પૌત્ર : **પ્રથમ**

પુત્ર : **દિવેશ** પુત્રવધૂ : **કિંજલ** પૌત્ર : **અંશ**

પુત્રી : **ગીતા** જમાઈ : **મુકેશકુમાર** દોહિત્ર : **સિદ્ધાર્થ**

ભાઈ : **સ્વ. મનસુખલાલ, દિનેશભાઈ**

બહેન : **સ્વ. કમળાબેન તલકચંદ વસા, સ્વ. મંજુલાબેન વિઠ્ઠલદાસ દોશી, રંજનબેન છબીલદાસ વસા**

**સ્વ. દિવ્યાનંદસુરી મહારાજ સાહેબ**

સસરા : **જયંતીલાલ ગિરધરલાલ શાહ**

**તેમ જ**

**સ્નેહીજનો તથા સમસ્ત શાહ પરિવાર**

KAYAMI / FEBRUARY


|| Shri Parshvanathay Namah||

# BIO DATA



| | | |
|---|---|---|
| **Name** | : | **Hardik Manoj Sanghavi** |
| **Date of Birth** | : | 12th October, 1990 |
| **Place and Time** | : | Mumbai, 4:43pm |
| **Height** | : | 5.7 (169 cm) |
| **Education** | : | B. Tech. (Met. Engg) IIT Mumbai, CFA MBA, Kellogg School of Management |
| **Work** | : | Sr. Product Manager - Walmart Labs, Sanc Francisco Bay Area (On H1B Work Visa)<br>Worked at Deutsche Bank, Mumbai and First Gulf Bank, Abu Dhabi |
| **Religion** | : | Shwetambar Murti Pujak Jain |
| **Caste** | : | Shri Sorath Visha Shrimali |
| **Native Place** | : | Vanthali |
| **Family Details** | | |
| **Father** | : | Shri Manoj Navinchandra Sanghavi<br>B. Tec IIT, Mumbai (9821142077) |
| **Email** | : | manojsanghavi@yahoo.com |
| **Occupation** | : | Mfg. Electronic Weighing Machines and Peripherals |
| **Mother** | : | Smt. Pratibha Manoj Sanghavi, B. Sc. (9967447799) |
| **Residence** | : | A/163, Garden Court, LBS Marg,<br>Ghatkopar (W), Mumbai - 400 086. Tel.: 022-25119215 |
| **Sibling** | : | Dr. Vidhi Deep Shah (BDS) married to<br>Mr. Deep Harshad Shah (Masters in Information systems) |
| **Residence** | : | Sion |
| **Grandfather** | : | Late Shri Navinchandra G. Sanghavi |
| **Grandmother** | : | Smt. Nandaben N. Sanghavi |
| **Mosal** | | |
| **Maternal Grandfather** | : | Late Shri Amratlal G. Vora |
| **Maternal Uncle** | : | Late Shri Harshad A. Vora, Sion |

# શ્રદ્ધાંજલિ



## સ્વ. શ્રી વૃજલાલ જગજીવનદાસ વોરા

મૂળ વતન : ધોરાજી

જન્મ તારીખઃ ૨૮-૧-૧૯૩૧ સ્વર્ગવાસ : તા. ૮-૩-૨૦૦૫

તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયા,
સુગંધ જેની ચોતરફ મૂકતા ગયા.
સુખને છલકાવ્યું નહીં, દુઃખને દેખાડ્યું નહીં
જીવન તમે એવું જીવ્યા, ભૂલ્યું ભૂલાય નહીં.
સુગંધ આપના સ્નેહની પ્રસરતી રહેશે
વસ્યા છો દૂર છતાં, કૃપા આપની વરસતી રહેશે.
આપનો હસતો તેજસ્વી ચહેરો, પરોપકારી સ્વભાવ,
ધર્મ અને જીવન પ્રત્યેની ઉદાર ભાવના.
સમાજ અને કુટુંબ પ્રત્યેની શુભ ભાવના સદાયે યાદ રહેશે.

લિ.

ગં. સ્વ. વિજયાબેન વૃજલાલ વોરા

કિરીટ, ગીતા, કેવીન, ખ્યાતિ, યુગ, વિહાન, શૈલેષ, રૂપલ, કેવલ,
કૈલેશ, નીતા, હેનલ, પ્રિયા, રાજેશ, બીના, આગમ

જ્યોતિ રાજેન્દ્રભાઈ મહેતા

**-: શ્રી જગજીવનદાસ સીરાજ વોરા પરિવાર:-**

**VORA SHAILESH VRAJLAL**

D-401, PANCHAM APT., BLDG., NO. 1, HEMU KALANI ROAD NO. 2.,
IRANI WADI, KANDIVALI (W), MUMBAI - 400 067.
MOBILE - 9821045422

KAYAMI / MARCH

# તપસ્વીઓને ભૂરી ભૂરી અનુમોદના...



તપસ્વીની ભાવિકાબેન દિલીપભાઈ પારેખ (ઉ. વ. ૫૧)

સરદારગઢ નિવાસી હાલ કાંદિવલી શ્રી દિલીપભાઈ પારેખના ધર્મપત્ની શ્રીમતી ભાવિકાબેને પૂ. ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી રાજરત્નસુરીશ્વરજી તથા શ્રી રશ્મિરત્નસુરીશ્વરજી મહારાજની નિશ્રામાં ધર્મધામ તિર્થ ખાતે ઉપધાન તપ પૂર્ણ કરેલ છે.



પાટણવાવ નિવાસી હાલ કાંદિવલી જયેશભાઈ શરદચંદ્ર વસાના ધર્મપત્ની શ્રીમતી દર્શનાબેન વસાએ શાહપુર તીર્થ માનસ મંદિર મુકામે, પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજય વરબોધિ સુરીશ્વરજી મહારાજ સાહેબ અને પૂ. આચાર્યદેવ કુલબોધિ સુરીશ્વરજી મહારાજ સાહેબની પાવન નિશ્રામાં ઉપધાન તપની આરાધના તા. ૨૪.૧.૨૦૨૨ના રોજ પરિપૂર્ણ કરેલ છે અને મોક્ષમાળ પરિધાન કરેલ છે.



મજેવડી નિવાસી હાલ બોરીવલી

પ્રવિણભાઈ મગનલાલ ભાયાણી ના **પૌત્ર. ચિ. કવિશ અંકિત ભાયાણી** ઉમર વર્ષ-૭ પર્યુષણમાં અઠ્ઠાઈ તપ તથા નાગેશ્વર ધામ તીર્થમાં અઢારીયા તપની આરાધના કરેલ છે.



**રાશી વોરા ઉ. વ. ૧૦**

વંથલી નિવાસી હાલ મીરા રોડ, સ્વ. ગુણવંતિબેન શાંતિલાલ વોરાની પૌત્રીએ ઉપધાન તપની આરાધના પૂર્ણ કરેલ છે.



**સ્તુતિ મિતુલ રામાણી ઉ. વ. ૮**

શ્રી ધર્મધામ નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થ મુકામે ઉપધાન તપની આરાધના પૂર્ણ કરેલ છે.



## વૃદ્ધાવસ્થાની એકલતા અને નિ:સહાયતામાં ઘરની સગવડોની અનુભૂતિ કરાવે એવું અનેકવિધ સુવિધાઓ સાથેનું નિવાસસ્થાન

## મનુસ્મૃતિ

એકલવાયા વડીલોને સહાયરૂપ અને રાહતરૂપ થવા શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી જૈન ભોજનાલય દ્વારા નવી મુંબઈની મધ્યમાં ખારઘરના રમણિય સ્થળે મનુસ્મૃતિનું નિર્માણ થયું છે.

ખૂબ જ કિફાયત ભાડાના ૪૫ યુનિટોમાં વડીલો સલામત અને આરામદાયક સગવડો અને વાતાવરણમાં ખૂબ જ આનંદપૂર્વક રહે એવી સુવિધાઓ મનુસ્મૃતિમાં છે.

### એકલવાયા વડીલો માટેનું વિશિષ્ટ નિવાસસ્થાન

- એસી સાથે અને એસી વગરની રૂમ
- અંગત રૂમ – દંપતિ માટે રૂમ
- પુરૂષો અને મહિલાઓ માટે અલગ વ્યવસ્થા સાથે બે વ્યક્તિ માટેના શેરીંગ રૂમ
- સવારનો નાસ્તો અને બંને સમયે સાત્વિક અને શાકાહારી ભોજન
- જૈન વડીલો માટે ચૌવિહાર સમયે ભોજનની વ્યવસ્થા
- દરેક રૂમમાં ટીવી, કેબલ કનેકશન અને ગીઝરની સગવડ
- મનોચિકિત્સક સલાહ કેન્દ્ર
- લિફ્ટ અને જનરેટરની સગવડ
- મેડિકલ સુવિધા ઉપલબ્ધ – યોગા કરવા માટે વ્યવસ્થા
- મંદિર, પાર્ક, બજારમાં જવાની વ્યવસ્થા
- વ્યાયામના સાધનો અને વાંચન માટે લાયબ્રેરીની સગવડ

**'મનુસ્મૃતિ'**નું સ્થળ
પ્લોટ ૧૬૩, એ, સેક્ટર ૩૦, ઓવે ગામ,
કેનેરા બેંક પાસે, ખારઘર, નવી મુંબઈ - ૪૧૦ ૨૧૦

**'મનુસ્મૃતિ'** જોવા કે તેમાં રહેવા માટે સંપર્ક સાધો:
શ્રી મનિષ રાવલ, **'મનુસ્મૃતિ'** મોબાઈલ : ૯૧૬૭૭ ૪૪૨૩૬
ઈ-મેઈલ : manusmrutikharghar@gmail.com
વેબસાઈટ : www.manusmruti.org


## સરનામામા ફેરફાર

**નિલેશ મહેન્દ્રભાઈ વોરા**
૨૦૩-૨૦૪, મહાવીર ડી-૧૧, સર્વોદયા નગર,
જે. એન રોડ, મુલુંડ (વેસ્ટ), મો.: ૯૩૨૩૯૫૩૬૫૨

**કિરીટભાઈ શાંતીલાલ ઘોળકીયા**
૪૦૨, બોરીવલી ગુલમહોર ટેરેશ, ફેક્ટરી લેન, ઓફ એસ. વી. રોડ, અંતરા જ્વેલર્સ ઉપર, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨ મો.: ૯૩૨૩૪૬૯૫૮૬

**હરેશભાઈ વિનયચંદ મહેતા**
૫૦૩, ક્રીષ્નાશ્રય કો. ઓ હા. સોસાયટી, આર. એમ. ભટાદ રોડ, હરીદાસનગર પાસે, કલ્પના ચાવલા ચોક, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૯૨. મો.: ૯૮૨૦૨૦૩૪૩૦

**જયેશભાઈ હરીલાલ મહેતા**
બી-૧૫૦૪, સુમીત પ્રોક્ષીમા, ગોલ્ડન ક્રીડા મેદાન સામે, રાજેન્દ્ર નગર, બોરીવલી (ઈસ્ટ), મુંબઈ-૬૬.
મોબાઈલ : ૯૯૨૦૯૪૦૩૫૯

**કિશોર લાલચંદ રામાણી**
૫૦૧, કાસા કેસેલો રેસીડન્સી, વામન હરી આશ્રમ પાસે, હરીદાસ નગર, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૯૨.
મોબાઈલ : ૯૩૨૧૯૮૮૩૭૩

**ભોગીલાલ ઝવેરચંદ વસા**
૧૩૧, કલ્પતરુ રોયલ, પ્લોટ નં. ૧૧૦,
રોડ નં. ૨૯, સાયન (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૨૨.

**જશ્મીન ભોગીલાલ વસા**
૧૧૧, કલ્પતરુ રોયલ, પ્લોટ નં. ૧૧૦,
રોડ નં. ૨૯, સાયન (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૨૨.

**Manharlal Amrutlal Mehta**
C/o. Dilipkumar Mulchand Shah
1501, Ambe Krupa, Devidayal Cross Road,
Mulund (W), Mumbai - 80. Mob.: 9769774635

**Ronak Arvind Doshi**
E-316, Sunderdham, Ram Baug Lane,
Off. S.V. Road, Borivali (W), Mumbai-92.

॥ શ્રી શાંતિનાથાય નમઃ॥

# શ્રી શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ (મજેવડી)

## શ્રી શાંતિનાથદાદા જિનાલય (મજેવડી)ની ૫૫મી સાલગીરા (સં.૨૦૭૮)

વિ. મજેવડી નગરે શ્રી શાંતિનાથજી જિનાલય (મજેવડી)ની ૫૫મી સાલગીરા પ્રસંગે ધ્વજા આરોહણ સં. ૨૦૭૮ વૈશાખ વદ ૨/૩ તા. ૧૭/૧૮-૦૫-૨૦૨૨ મંગળ/બુધવારના શુભ દિને મજેવડી મુકામે ઉજવાશે.

આ પ્રસંગના લાભાર્થી શ્રી તલકચંદ મોતીચંદ વસા પરિવાર (મજેવડી)

હ. તેમના દિકરી શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ સંઘવી, શ્રી દિલીપભાઈ શાંતિલાલ સંઘવી (જયપુર) શ્રી પ્રદીપભાઈ શાંતિલાલ સંઘવી (ભાણવડ, હાલઃ રાજકોટ) વૈશાખ વદ બીજ તા. ૧૭-૫-૨૦૨૨ મંગળવારના માત્ર સાંજના ચૌવિહાર અને વૈશાખ વદ ત્રીજ તા.૧૮-૫-૨૦૨૨ બુધવારના સવારે નવકારશી અને બપોરના ભોજનની વ્યવસ્થા રાખેલ છે.

આ મહામુલા પ્રસંગે સૌ ભાગ્યશાળીઓને પધારવા ભાવભર્યું આમંત્રણ છે. સૌ આગોતરૂ આમંત્રણ સ્વીકારી જરૂરથી પધારશોજી.

સમગ્ર કાર્યક્રમ કરોનાની પરિસ્થિતિ અને સરકારશ્રીની ગાઈડલાઈન્સ પ્રમાણે ઉજવવામાં આવશે જેની ખાસ નોંધ લેશોજી.

આપ સૌ આપની ટિકિટ અગાઉથી બુક કરાવી લેશોજી.

શ્રી શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ (મજેવડી) ટ્રસ્ટી મંડળ

(તા. ૧૫.૧-૨૦૨૨ શનિવાર)

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ

**શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ કાર્યાલય**

**પ્રાગજી વૃન્દાવન સોસાયટી, રૂમ નં. ૪૩ ત્રીજે માળે, ૨૦/૨૪ જુની હનુમાન ગલી, મુંબઈ-૪૦૦ ૦૦૨**

---

સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળની ઑફિસ બંધ હતી તે રાબેતા મુજબ હવેથી ચાલુ કરેલ છે તેની નોંધ લેશો.

ઑફિસનો ફોન નં. ૦૨૨-૨૨૪૦૦૨૪૦ સમયઃ બપોરે ૩ થી ૬

## ઓનલાઈન હિન્દી મુખપાઠ સ્પર્ધામાં પ્રિશા શાહ ઝળકી



રાજકોટ : રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ દ્વારા આયોજિત સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ સ્પર્ધાના ૫૫માં વર્ષની ઉજવણીના ભાગરૂપે ઓનલાઈન સંસ્કૃત, અંગ્રેજી, ગુજરાતી, હિન્દી મુખપાઠ સ્પર્ધા યોજાતા વિદ્યાર્થી ભાઈ બહેનોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. જેમાં હિન્દી મુખપાઠ સ્પર્ધામાં સી. કે. જી. પ્રાથમિક શાળા, રાજકોટની ધો. ૨ની વિદ્યાર્થીની કુ. પ્રિશા અમિત કુમાર શાહે રાજકોટ શહેરમાં ચતુર્થ નંબર મેળવી શાહ પરિવાર, શાળા પરિવાર અને વતન મોટી પાનેલીનું ગૌરવ વધારેલ છે.

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મિત્ર મંડળ ઘાટકોપર દ્વારા આયોજેલ GSPL 3 ૨૦૨૨ ના સંદર્ભમાં પ્રમુખ સ્થાનેથી નમ્ર નિવેદન

સ્પર્ધાના યુગમાં ગતિનો મહિમા છે અને તેને અનુરૂપ તક ઝડપવાનું કામ મનુષ્ય માત્રે કરવાનું હોય છે. આમ જોવા જઈએ તો પ્રસૂતિગૃહથી જીવનના અંત સુધી સતત દોડતી ફાસ્ટ ટ્રેન જેવા જીવનમાં આપણે સહુ દોડતાં જ હોઈએ છીએ અને નિરાંતથી શ્વાસ લેવાની ફુરસદ પણ આપણે મેળવતા નથી હોતા. તેવા સમયમાં અને બે વર્ષના કોરોના કાળ પસાર કરતાં કરતાં મંડળને વિચાર આવ્યો કે આપણા સમાજના નવયુવાન ભાઈ-બહેનોને એક તાંતણે બાંધીને ભાઈચારાની ભાવના કેળવાય તે માટે ક્રિકેટ ટુર્નામેન્ટ જેવા મહોત્સવનું આયોજન કરવું જોઈએ. કોરોના કાળ પછી આ વિચારને અમલમાં મુકવા અમારા મંડળના સભ્યોએ ચર્ચા વિચારણા શરૂ કરેલી અને તેવી ફલશ્રુતિ રૂપે સમગ્ર મહોત્સવ ત્રણ મહીનાની અથાગ મહેનત પછી સૈન્યની શિસ્ત સાથે પરિપૂણ કરી શક્યા છીએ. એવા તબક્કે ઘાટકોપર મંડળ વિશેની વિસ્તૃત માહિતી રજૂ કરતા અમે ધન્યતા અનુભવીએ છીએ.

ઘાટકોપર મંડળની સ્થાપના ૧૯૮૦માં આદરણીય શ્રી નટવરલાલ મોહનલાલ શાહના પ્રમુખપદ દ્વારા સ્થાપના થઈ હતી.

મંડળીની સાંસ્કૃતિક પ્રવૃતિ ઉપરાંત સમગ્ર મુંબઈ સમાજના પરિવારો માટે દિવાળીમાં ન નફો ન નુકશાન ધોરણે શુદ્ધ અને સાત્વિક મિઠાઈ વિતરણ, ૧૯૯૯માં શ્રી નટવરલાલ મોહનલાલ શાહના પ્રમુખ પદે સમગ્ર મુંબઈના એસ. વી. સમાજના જરૂરતમંદ પરિવારોને મેડીક્લેઈમ યોજના, સં. ૨૦૦૦માં ચાલુ કરવામાં આવી જે કાર્યમાં શ્રી સુરેશભાઈ ખુશાલચંદ ધ્રુવ, સ્વ. શ્રી કીર્તિભાઈ ભણશાલી અને મંડળના અન્ય કમિટી મેમ્બરો સાથે મારો પણ સમાવેશ થયેલો. આ મેડીક્લેઈમ યોજના માટે એક અલગ ટ્રસ્ટની સ્થાપના કરી જેમાં ઘાટકોપર સિવાયના બહારના ત્રણ ટ્રસ્ટીઓ પણ સામેલ કરવામાં આવ્યા અને મેડીક્લેઈમ યોજનાનો લાભ મુંબઈના ૪૦૦/૫૦૦ પરિવારોને લાભ મળી રહ્યો છે. માર્ચ ૨૦૨૨માં ૨૩માં વર્ષમાં પ્રવેશ થઈ રહ્યો છે.

આ મંડળ દ્વારા બીજો પ્રોજેક્ટ **GSPL** ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૦માં શરૂ કરવામાં આવેલ જેની પ્રથમ ટુર્નામેન્ટ ૨૦૨૦ અને બીજી ટુનામેન્ટ ૨૦૨૧માં આયોજેલ **GSPL** શ્રી સુરેશભાઈ ખુશાલચંદ ધ્રુવના પ્રમુખપદે યોજેલ હતી.

૨૦૨૧ની આખરમાં **GSPL 3** ૨૦૨૨ માટે મુંબઈના સમગ્ર સમાજને ટુર્નામેન્ટમાં સામેલ થવા આમંત્રણ આપવામાં આવ્યું અને તેનો જબરો પ્રતિસાદ મળતા ક્રિકેટની ૨૫ ટીમ સામેલ થયેલ જેમાં ૨૧ પુરુષોની ટીમ (૨૧૦ પુરુષો) અને ૪ મહિલા ટીમ (૪૦ બહેનો) ભાગ લીધેલ અને તે મુજબ ૨૦.૦૨.૨૦૨૨ના શ્રી વસંતદાદા પાટીલ એજ્યુકેશન કોમ્પલેક્ષ-ચુનાભટ્ટીના વિશાલ પટાંગણમાં રમતવિરો અને બૃહદ મુંબઈ સમાજના પ્રોત્સાહક ભાઈ બહેનોએ ઉત્સાહ, ઉલ્લાસ અને ઉમંગથી કાર્યક્રમને જ્વલંત સફળતા અપાવી.

સમાજના શ્રેષ્ઠવર્ય દાતાશ્રીઓના સહયોગથી અને આર્થિક સહાયથી **GSPL 3** ના કોર કમિટીના સભ્યો ખૂબજ ઉત્સાહિત થઈ ગયેલ.

ઉપરોક્ત પ્રોજેક્ટ માટે મંડળના પાચ કાર્યકરોની **Core Committee**નો સંપુર્ણ સંચાલન અને શ્રેય અને તેઓ અભિનંદનના અધિકારી છે. મુંબઈ એસ. વી. સમાજ તરફથી વીજેતા ટીમોને (**Gents** તથા **Ladies** ને) તથા શ્રેષ્ઠ ટીમના મુખ્ય સભ્યોને પણ ઈનામથી નવાજેલ હતા. એસ. વી. સમાજના માનનીય પ્રમુખ **C.A.** શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતાએ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરેલ જેમના સર્વે સાથીદારો તથા મુંબઈના ગણમાન્ય અતિથિઓની ઉત્કૃષ્ટ હાજરીથી આ પ્રસંગ સુઅવસર બની ગયો છે અને યાદગાર થઈ ગયો છે.

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મંડળ ઘાટકોપર વતી**
**પ્રમુખ ધીરેન વસા તથા કારોબારી સમિતી**

# ફેબ્રુઆરી માસના મુખપત્રના સૌજન્ય દાતા



## ચંદનબેન અરવિંદકુમાર મહેતા

જન્મ તા. ૧૯.૦૨.૧૯૪૨

પુત્ર : તુષાર અરવિંદકુમાર મહેતા

પુત્રવધુ : રાજુલ તુષાર મહેતા

પુત્રી : પારુલ પ્રણવ ઈમાનદાર

જમાઈ : પ્રણવ ઈમાનદાર

બેન : નિર્મલાબેન દિવ્યકાંત દોશી

૬, એમ્પાર હાઉસ, બીજે માળે, ઈરલા,
એસ.વી. રોડ, વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૬.

## ફેબ્રુઆરી માસના મુખપત્રના "સૌજન્યદાતા"



શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ

શ્રી કાંતિલાલભાઈ શાહ (સાવડીયા) એટલે 'જીવનમાં જે હસે છે તે હારતો નથી' એ વાતને યથાર્થ રીતે સાબિત કરનાર, ખૂબ જ આનંદી અને રમૂજી સ્વભાવની દિલદાર વ્યક્તિ. તેઓ ઉદારદિલ, પ્રેમાળ સ્વભાવ, ક્ષમા અને મૈત્રીનો ભાવ અને આનંદસભર જીવન જીવનાર એક મૂઠી ઊંચેરા માનવી. મિત્રો અને શુભેચ્છકોથી વિંટળાઈ રહેતાં અને સૌના સૂખેસુખી અને દુઃખેદુઃખી એવી સંવેદનશીલ પ્રકૃતિની વ્યક્તિ, તેમની સાથે રહેવું એટલે જાણે મધુર ગીતની તરજમાં તરલ થઈને વહેવું. કાંતિલાલભાઈ એટલે સૌના મિત્ર, સાથી અને એક એવું અક્ષયપાત્ર તેમની પાસેથી જે માગો તે મળે અને કાંઈ ન માગો તો પણ પ્રેમ મળે જ.

પૂ. મુરબ્બી શ્રી કાંતિલાલભાઈનો જન્મ તા. ૧૮-૧૧-૧૯૨૧ના રોજ થયેલ હતો. ૯૨ વર્ષનું જૈફ આયુષ્ય ભોગવી નવ દાયકામાં અનેક લીલી-સુકી જોઈ તા. ૨૦-૨-૨૦૧૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા.

આવા ઉદારદિલ પરિવારના સર્વે સભ્યો હરહંમેશ સમાજ માટે લાગણીસભર દાનની ગંગા વહેવડાવતા જ હોય છે. આવા પરિવારે ઉદારદિલે મુખ્ય દાતા તરીકે શ્રીમદ્ રાજચંદ્ર એજ્યુકેશન ટ્રસ્ટ ધરમપુર, જિલ્લો વલસાડ, સર્વકલ્યાણ ટ્રસ્ટ, બળેજ તીર્થ પોરબંદર, માનવ કલ્યાણ ટ્રસ્ટ મમતા મંદિર, વિજલપોર નવસારી, રામકૃષ્ણમિશન વિવેકાનંદ મેમોરિયલ પોરબંદર ખાતે દાનો કરેલાં છે. આ ઉપરાંત મુંબઈ સમાજમાં પણ મોટા દાન કરેલાં છે. શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્રમંડળ, મુંબઈની શતાબ્દી ઉજવણી નિમિત્તે એક ઓનરશીપની ઓફિસનું દાન આપીને સમાજમાં એક અનોખો દાખલો બેસાડ્યો છે. આવા દાનવીર અને મિતભાષી, જીવનમાં ફક્ત કાર્ય કરવામાં માનનારા અને હકારાત્મક (પોઝિટીવલી) અભિગમ રાખનારા શ્રી કાંતિલાલભાઈના પરિવારના સર્વે સભ્યો જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ સાધતાં રહે...

## ફેબ્રુઆરી માસના મુખપત્રના ''સૌજન્યદાતા''



સ્વ. શ્રી હરસુખલાલ નંદલાલ ઝવેરચંદ વોરા, બેંગ્લોર
શ્રી નંદલાલ ઝવેરચંદ વોરાના જ્યેષ્ઠ પુત્ર
જન્મ તા. ૬-૪-૧૯૨૭
ધોરાજી (સૌરાષ્ટ્ર)
અભ્યાસઃ ૧૦મું ધોરણ

શ્રી હરસુખલાલભાઈ કલકત્તા ખાતે ૧૯૪૪માં આવ્યા. ખાનગી પેઢીમાં જોડાયા અને ત્યાર બાદ ૧૯૫૧માં મે. હરસુખલાલ એન. વોરાના નામે પોતાની પેઢી શરૂ કરી.

૧૯૪૭માં મોટી પાનેલીનાં શ્રી લવચંદ વીરચંદ શેઠના સુપુત્રી સવિતાબેન સાથે લગ્ન થયાં. ૧૯૬૩માં સામચી, ભૂતાન મધ્યે નટ-બોલ્ટની મેન્યુફેક્ચરીંગ લાઈનમાં પડ્યા અને રોયલ ગવર્મેન્ટ ઓફ ભૂતાનનો સહકાર મળ્યો. ત્યાર બાદ ૧૯૭૪માં પ્રેસીઝન ટૂલ્સ, કોમ્પોનન્ટ્સનું ઉત્પાદન શરૂ કર્યું.

તેઓએ ધંધાના વિકાસાર્થે જાપાન, થાઈલેન્ડ, હોંગકોંગ વગેરે સ્થળોએ મુસાફરી કરી, ધંધાને વિકસાવ્યો.

શ્રી મગનલાલ મોતીચંદ મહેતાના બોલાવ્યાથી તેઓ કલકત્તા ગયા. ત્યાં તેઓશ્રીએ ૫થી ૬ વર્ષ પછી પોતાનો ધંધો શરૂ કર્યો. તેઓ દરેક ચીજો આયાત કરતા હતા.

તેમણે સાંસારીક જીવન, આધ્યાત્મિક રીતે જીવી જાણ્યું અને આર્થિક ક્ષેત્રે ખૂબ પ્રતિષ્ઠા મેળવી. તેઓશ્રી ૧૯૮૫ સુધી કલકત્તા ખાતે રહ્યા. તેમનું દાંપત્યજીવન ખૂબ સુખી હતું.

તેમના ત્રણેય સુપુત્રો નરેન્દ્રભાઈ, ભૂપતભાઈ, જયંતભાઈ બેંગ્લોર ખાતે છે.

શ્રી જયંતભાઈ રોટરી ક્લબના ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ છે.

તેમના દાનની ભાવના ઘણી જ ઉંચી હતી અને કલકત્તામાં એસ.વી. સોશિયલ વેલ્ફેર ફાઉન્ડેશનના ત્રીજા માળને ફૂલ એરકન્ડીશન્ડ કરવામાં યોગદાન આપેલ છે.



GSPLનુ રિબીન કાપીને ઉદ્‌ઘાટન કરી રહેલા
શ્રી સો.વિ. જૈન સમાજના પ્રમુખ શ્રી કિરીટભાઈ મહેતા

શ્રી સો. વિ. જૈન સમાજ મુંબઈના પ્રમુખ શ્રી કિરીટભાઈ મહેતા
GSPLની ટિમના ખેલાડીઓને સંબોધન કરી રહ્યા છે.
સાથે છે શ્રી પરિમલભાઈ ભીમાણી, વિનોદભાઈ મહેતા,
શ્રી ગીરીષભાઈ પારેખ, શ્રી કિર્તિભાઈ વસા, શ્રી પંકજભાઈ વોરા,
શ્રી ધીરેનભાઈ વસા, શ્રી સુરેશભાઈ ધ્રુવ, શ્રી રાજેશભાઈ શાહ.
શ્રી ગુણવંતભાઈ મહેતા, શ્રી પ્રવિણભાઈ સંઘવી, શ્રી મહેશભાઈ વોરા
શ્રી મનુભાઈ શેઠ તથા મુખ્ય સ્પોન્સર શ્રી લલીતભાઈ મહેતા






રનર્સ અપ ટિમ ડાયમંડ વોરિયર્સના
કૅપ્ટન શ્રી યોગેષભાઈ વોરા ટ્રોફી સ્વીકારી રહ્યા છે

ટ્રોફી સાથે મહિલા રનર્સ અપ ટિમના
સભ્યો અને આયોજકો.






વુમન ઓફ ધી સીરીજ
આયુષી મહેતાને ટ્રોફી આપી રહેલા
શ્રી મનુભાઈ શેઠ તથા શ્રીમતિ મધુબેન શેઠ

મેન ઓફ ધ સીરીજ તેજ મહેતાને ટ્રોફી અર્પણ કરી રહેલા
શ્રી મનુભાઈ શેઠ સાથે છે શ્રી લલીતભાઈ મહેતા,
શ્રી ધીરેનભાઈ વસા અને શ્રી કિરીટભાઈ મહેતા






ક્રિકેટ પર હાથ અજમાવી રહેલા
સો. વિ. જૈન સમાજ મુંબઈના
પ્રમુખ શ્રી કિરીટભાઈ મહેતા

વિજેતા ટિમ વેલીયન્ટ બ્લાસ્ટર મુલુન્ડના
કૅપ્ટન શ્રી રીતિક શાહને ટ્રોફી અર્પણ કરી રહેલા
શ્રી લલીતભાઈ મહેતા, શ્રી મનુભાઈ શેઠ
તથા શ્રી ધીરેનભાઈ વસા






કોર કમિટીના સભ્યો વતિ શ્રી સુરેશભાઈ ધ્રુવના
વરદહસ્તે મોમેન્ટો સ્વીકારી રહેલા
શ્રી અમીષભાઈ ભીમાણી, સાથે છે શ્રી પરિમલભાઈ ભીમાણી
અને શ્રી મનુભાઈ શેઠ

GSPL ટિમોના કેપ્ટનો






GSPL ટિમોના સ્પોન્સર્સ

ટ્રાફીઓ સાથે શ્રી જયેશભાઈ વસા
તથા શ્રી અનિલભાઈ શાહ





મેચની પળોનો આનંદ માણી રહેલા આમંત્રિત મહેમાનો
શ્રી પ્રવિણભાઈ સંઘવી, શ્રી રાજેન્દ્રભાઈ પુનાતર
(તંત્રી શ્રી સૌ. વિ. મુખપત્ર),
શ્રી રાજેશભાઈ શાહ (ડાયમંડ કેટરર્સ)
અને સમાજના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ સંઘવી



મેચ જોવા પધારેલ આમંત્રિત મહેમાનો



મહિલા મેચનું એક દૃશ્ય



મહિલા ટિમની કૅપ્ટન ફાઈનલ મૅચ પહેલા
એકબીજાનું અભિવાદન કરી રહી છે




પ્લેયર ઓફ મેચ શ્રી મયંક શાહ ને ટ્રોફી
અપર્ણ કરી રહેલા શ્રી મનુભાઈ શેઠ




એસ. વી. મંડળ મલાડના શ્રી અતુલભાઈ ડી. વસાનું
મોમેન્ટો આપી બહુમાન કરી રહ્યા છે.
ઘાટકોપર મંડળના પ્રમુખ શ્રી ધીરેનભાઈ વસા




એસ. વી. મંડળ બોરીવલીના પ્રમુખ શ્રી વિનોદભાઈ મહેતાનું
મોમેન્ટો આપી બહુમાન કરી રહ્યા છે ઘાટકોપર મંડળના
પ્રમુખ શ્રી ધીરેનભાઈ વસા

GSPLના સમગ્ર આયોજનનો ભાર જેમના પર હતો
તે કોર કમિટિના સભ્યો શ્રી અમીષ ભીમાણી, શ્રી મીતેષ ભીમાણી,
શ્રી મનીષ વોરા, શ્રી ભૌતિક ભણશાળી તથા શ્રી શૈલેષ મહેતા



# GSPL REPORT

છેલ્લા બે વર્ષથી શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મિત્ર મંડળ ઘાટકોપર બોક્સ ટુર્નામેન્ટનું આયોજન કરતું હતું. આ ઘાટકોપરની કમિટીએ વિચાર્યું કે સમાજના દરેક મંડળના સભ્યો આ ટુર્નામેન્ટમાં જોડાય તેનાથી સમાજનો યુવાવર્ગ ભેગો થાય અને એકબીજાને ઓળખતો થાય.

**આ સપનાને સાકર કરવા માટે GSPL 3ની કોર કમિટીના સભ્યો**

૧) શ્રી મનીષ કિશોરચંદ્ર કપુરચંદ વોરા, વય ૫૩ વર્ષ, મુળ વતન - વંથલી (જૂનાગઢ)

૨) શ્રી શૈલેષ અનિલભાઈ નાથાલાલ મેહતા, વય ૫૬ વર્ષ, મુળ વતન - જામ મેવાસા

૩) શ્રી મીતેષ અરવિંદભાઈ કપૂરચંદ ભીમાણી, વય - ૪૦ વર્ષ, મુળ વતન - મોટા દેવળીયા

૪) શ્રી ભૌતિક કિર્તીભાઈ છોટાલાલ ભણશાળી, વય ૩૯ - વર્ષ, મુળ વતન - પીપલાના

૫) શ્રી અમિષ પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી, વય - ૪૦ વર્ષ, મુળ વતન - મોટા દેવળીયા

**આ ઉપરાંત દરેક મંડળના આ સભ્યો**

૧) શ્રી યોગેશ વોરા - મુલુંડ

૨) શ્રી રોહીત શેઠ - મુલુંડ

૩) શ્રી નિકુંજ શેઠ - બોરીવલી

૪) શ્રી સંજય મહેતા - બોરીવલી

૫) શ્રી મનીષ મહેતા - કાંદિવલી

૬) શ્રી અનિલ શાહ - કાંદિવલી

૭) શ્રી પ્રેમલ મહેતા - અંધેરી

૮) શ્રી તીરથ શાહ - અંધેરી

૯) શ્રી હિમાંશુ વસા - મલાડ

૧૦) શ્રી હિમાંશુ સંઘવી - મલાડ

૧૧) શ્રી મનીષ મહેતા - ભાયંદર

૧૨) શ્રી ધવલ ભણશાલી - ભાયંદર

૧૩) શ્રી વિપુલ મહેતા - નાલાસોપારા

૧૪) શ્રી હર્ષદ વોરા - નાલાસોપારા

કોર કમિટીએ તેમના મંડળના ખેલૈયાઓ સાથે સંકલન/ સહકાર સાધી ખૂબ જ ઉલ્લાસ ઉત્સાહપૂર્વક અને ધગશથી આ ટુર્નામેન્ટને સફળ બનાવવામાં સિંહ ફાળો આપ્યો છે તે બદલ તેમનો પણ ખુબ ખુબ આભાર. સર્વેના છેલ્લા ત્રણ મહિનાના અથાગ પ્રયત્ન દ્વારા **GSPL 3** બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ તા. ૨૦-૨-૨૦૨૨ના વસંતદાદા એજ્યુકેશન કોમ્પલેક્સ ચુનાભઠ્ઠીમાં યોજવાનો વિચાર કર્યો અને તે માટે શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ મુંબઈના લગભગ દરેક મંડળના સભ્યોને આ ટુર્નામેન્ટનો હિસ્સો બને તેથી તેઓને જોડાવા માટે આમંત્રણ આપવામાં આવ્યું જેનો અભુતપૂર્વ પ્રતિસાદ મળ્યો. બધી ટીમમાં દરેક ઉંમરના સભ્યોનો એવી રીતે સમાવેશ કર્યો કે કોઈ ટીમ એકદમ મજબૂત કે નબળી ના રહે. નોંધણી માટેનો સમય વિતી ગયો છતાં નામ આવતા હતા ત્યારે નાછૂટકે **GSPL 3**ની કમિટી નામો વેઈટિંગ લીસ્ટમાં નોંધવા મજૂબર થયા.

બપોરે ૧ કલાકથી ધીરેધીરે બધા ખેલૈયા તથા સમાજના ભૂતપૂર્વપ્રમુખો (૧) શ્રી પ્રવીણભાઈ હિંમતલાલ સંઘવી (૨) શ્રી ગીરીશભાઈ કાંતિલાલ પારેખ તથા ભૂતપૂર્વ ઉપપ્રમુખ શ્રી મનુભાઈ પ્રેમચંદ શેઠ અને શ્રી ગુણવંતભાઈ વૃજલાલ મહેતા તથા દરેક મંડળના પ્રમુખ તથા હોદ્દેદારોની ઉપસ્થિતિએ પ્રસંગને ચાર ચાંદ લગાવ્યા હતા. ૧.૩૦ કલાકે સમાજના પ્રમુખ શ્રી કિરીટભાઈ પ્રભુદાસ મહેતાના હસ્તે રીબીન કાપીને પ્રતિયોગિતાને લીલી ઝંડી આપી હતી. સૌથી પહેલા ઘાટકોપર મંડળના મંત્રી શ્રી કિર્તીભાઈ વસાએ નવકાર મંત્રની ધૂન બોલાવી. ત્યારબાદ દરેક ટીમને કોર કમિટીના સભ્ય શ્રી મનીષભાઈ વોરા દ્વારા શપથ ગ્રહણ કરાવવામાં આવ્યા હતાં. ટુર્નામેન્ટ બપોરે ૨.૦૦ કલાકે શરૂ કરવામાં આવી હતી જે રાતના ૧.૦૦ કલાક સુધી ચાલી હતી. તે દરમિયાન

# હાર્દિક શ્રદ્ધાંજલિ



## સ્વ. શ્રી નવનીતરાય જેચંદ વસા ( પાટણવાવવાળા)

**જન્મ : તા. ૮-૬-૧૯૪૧ સ્વર્ગવાસ : ૨-૩-૧૯૯૨**

*રહેવાને સદાય દુનિયામાં કોઈ આવતું નથી*
*છતાં તમે ગયા એમ કોઈ જતું નથી*
*વિદાય એવી લીધી કે મન હજી માનતું નથી*
*નિર્દોષ હસતું મુખડું આપનું નજર સામેથી જતું નથી*
*જીવન એવું જીવી ગયા કે જીવનારા જોયા કરે*
*કર્મ એવા કર્યા કે હૃદયમાં સૌનાં ગુંજ્યા કરે*

**વહાલના વડલા જેવું આપનું જીવનઅસ્તિત્વ તો અમારી વચ્ચે નથી, પરંતુ એ વડલાની શીતળ છાયા સમાન આપના દ્વારા થયેલું જીવનઘડતર અને સંસ્કારોનું સિંચન, સંઘર્ષ પ્રત્યે સકારાત્મક જીવનશૈલી અને સમતાભાવ અમારા માટે પથદર્શક, પ્રેરણાદાયી અને આશીર્વાદરૂપ બની રહે એજ પ્રાર્થના.**

*લિ.*

**સ્વ. ફુલકુંવરબેન જેચંદ જૂઠાભાઈ વસા પરિવાર**

| | | | | | |
|---|---|---|---|---|---|
| પત્ની | : | **પુષ્પાબેન નવનીતરાય વસા** | ભાઈ-ભાભી | : | **પ્રતાપરાય-અરુણાબેન** |
| પુત્રી | : | **ડોલી રાજેશ કોરડિયા** | ભાઈ-ભાભી | : | **પ્રમોદભાઈ - દક્ષાબેન** |
| પુત્રી | : | **અનિષા અમિત ગાંધી** | ભાઈ-ભાભી | : | **વિનોદભાઈ - આરતીબેન** |
| પુત્રી | : | **નિશા કેતન વોરા** | પુત્રી | : | **નેહા જીગર શાહ** |

ભત્રીજી-ભત્રીજા: ડિમ્પલ પારસ વસા - નીકિતા સીજો જોન, જૂલી નીતેશ ભણશાલી
અમી ભાવેશ પટેલ - બિનીત વિનોદભાઈ વસા - હિરલ વિનોદભાઈ વસા

પૌત્ર-પૌત્રી: રીષભ-જય, મિહીર-દેવ, ઈષા, કેવીન, હર્ષ, વિરાજ, પૂજા, રાજ

**ફોન : પુષ્પાબેન નવનીતરાય વસા (૦૯૩૨૩૧૭૫૩૭૯)**

૪૭ મેચો રમવામાં આવી હતી. કુલ ૨૫ ટીમો હતી જેમાં ૪ મહિલા ટીમ અને ૨૧ પુરુષ ટીમ હતી. સૌથી નાના માં નાના સભ્યની વય ૧૨ વર્ષ અને મોટામાં મોટા સભ્યની વય ૬૫ વર્ષ હતી એટલે કે ટોટલ ૨૫૦ આબાલવૃદ્ધ ખેલૈયાઓએ ભાગ લીધો હતો. દરેક ખેલાડીને ટીશર્ટ આપવામાં આવ્યું હતું જેના ઉપર તેમનું નામ, ટીમનું નામ, ટીમના તથા ટીશર્ટના સ્પોનસરરનું નામ અંકિત કરવામાં આવ્યું હતું.

બપોરે ૪.૦૦ કલાકે દરેક ખેલાડી તથા આવનાર મહેમાનોને ગરમાગરમ ભજીયા, ઉત્તપા, ચા-કોફી બિસ્કીટ વગેરેનો નાસ્તો કરાવવામાં આવ્યો હતો.

આજના ડિજિટલ યુગમાં કોર કમિટીએ એક નવું એપ બનાવ્યું હતું જે દ્વારા તમે દરેક મેચનો સ્કોર મોબાઈલ ઉપર જોઈ શકો. સાંજના ચૌવિહારની વ્યવસ્થા કરવામાં આવી હતી જેમાં અખરોટ હલવો, પાવભાજી, ચાટ, ઈડલી, બિરયાની વગેરે રાખવામાં આવ્યા હતા.

દરેક મેચો પૂર્ણ થયા પછી દરેક મેચના મેન ઓફ ધી મેચનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ મુંબઈ તરફથી સમાજના પ્રમુખશ્રીને હસ્તે વિજેતા ટીમને (સ્ત્રી અને પુરુષ) રૂા. ૫૦૦૦/-નું રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું. તેવી જ રીતે વુમન અને મેન ઓફ ધી ટુર્નામેન્ટને રૂા. ૧૦૦૦/-નું રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું. રાતના મેચ ૧ કલાકે પૂરી થઈ ત્યાં સુધી ટાઈટલના સ્પોન્સરર મે. **સમ્રાટ ફાર્મા કેમ** ના શ્રી લલિતભાઈ દામોદર મહેતા તથા ટ્રોફીના સ્પોન્સરર શ્રીમતી મધુબેન મનુભાઈ પ્રેમચંદ શેઠ પરિવાર હાજર રહ્યા હતા.

રનર્સઅપ ટીમ અને વિજેતા ટીમને તથા મેન ઓફ ધી સીરીઝને ટ્રોફી આપવામાં આવી હતી.

સ્પોન્સરશીપ વગર આવી ટુર્નામેન્ટ યોજવી બહુ મુશ્કેલ હોય છે પણ આ માટે સમાજના સભ્યોએ સામેથી ખૂબ જ ઉત્સાહથી સાથ સહકાર આપ્યો જે સરાહનીય છે. આ સાથે સ્પોન્સરર સભ્યોના નામોની યાદી

**૧) ટાઈટલ સ્પોન્સરઃ** મે. સમ્રાટ ફાર્મા કેમ - શ્રી લલિતભાઈ દામોદર મહેતા, અંધેરી

**૨) ડિનર સ્પોન્સરઃ** મે. વસા ગ્રુપ - શ્રી મયંકભાઈ દેવચંદ વસા, ઘાટકોપર

**૩) ટી શર્ટના સ્પોન્સરઃ** મે. હાર્ડવેર ટ્રેડિંગ કં. - શ્રી મહેશભાઈ તથા શ્રી પંકજભાઈ કાંતિલાલ વોરા, સાંતાક્રુઝ

**૪) ટ્રોફિઝ સ્પોન્સરઃ** શ્રીમતી મધુબેન મનુભાઈ પ્રેમચંદ શેઠ, ઘાટકોપર

**૫) ટર્ફ સ્પોન્સરઃ** મે. પ્રભાત ઈન્ડસ્ટ્રીઝ - શ્રી હરસુખભાઈ તથા શ્રી સુરેશભાઈ ખુશાલચંદ ધ્રુવ, ઘાટકોપર

**૬) સ્નેક્સ સ્પોન્સરઃ** શ્રી પ્રવીણભાઈ હિંમતલાલ સંઘવી, વિલેપાર્લે

**૭) વોટર સ્પોન્સરઃ** સ્વ. શ્રી કિશોરચંદ્ર કપુરચંદ વોરા હ. શ્રી મનીષભાઈ, ઘાટકોપર

**પુરુષોની ટીમ સ્પોન્સરરના નામોની યાદીઃ**

૧) શ્રી સુરેશ જયંતીલાલ શાહ

૨) શ્રી મનીષ કિશોરચંદ્ર વોરા

૩) શ્રી પરાગ ભરતભાઈ શાહ

૪) શ્રી હિતેન જયંતીભાઈ શેઠ

૫) શ્રી મહેશભાઈ એમ. સાવડિયા

૬) શ્રી રાજેશભાઈ શાહ

૭) શ્રી પરેશભાઈ એમ. શેઠ

૮) શ્રી જયરાજ મહેતા

૯) શ્રી મહેક મયુર મહેતા

૧૦) શ્રી કેવલ શૈલેષભાઈ વોરા

૧૧) શ્રી રશ્મિનભાઈ પટવા

૧૨) શ્રી આશિષ વિનોદભાઈ મહેતા

૧૩) શ્રી તેજસ હરીશભાઈ મહેતા

૧૪) શ્રી નિકુંજ વિનોદભાઈ શેઠ

૧૫) શ્રી વૈભવ જયંતીલાલ મહેતા

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. શ્રી સૂર્યકાન્ત મનસુખલાલ લાલચંદ વોરા**

જન્મઃ તા. ૧૩-૮-૧૯૪૩ ✻ સ્વર્ગવાસ : તા. ૫-૩-૨૦૧૭ ( ધોરાજી, હાલ - બોરીવલી)

***શૂન્યમાંથી સર્જન કરી,***
***સેવા સમર્પણ, નીડરતાની સાક્ષાત મૂર્તિ,***
***અમૃત ભરેલા અંતરવાળા, સાગર જેવા વિશાળ દિલવાળા,***
***કુટુંબ, સગાં તથા સ્નેહીને સદાય ઉપયોગી રહી,***
***વિશાળ વડલાની જેમ પોતાની છાયામાં***
***આવતા સર્વેને વિસામો આપતા***
***કર્મયોગી વડીલ...***
***પરમ કૃપાળુ પરમાત્મા તમારા દિવ્ય આત્માને***
***શાંતિ પ્રદાન કરે એવી હૃદયપૂર્વકની પ્રાર્થના...***
***શ્રદ્ધાંજલિ સહ...***

પિતાશ્રીઃ **સ્વ. શ્રી મનસુખલાલ લાલચંદ વોરા** માતાઃ **સ્વ. શ્રીમતી જયાકુંવર મનસુખલાલ વોરા**

પત્નીઃ **પ્રવીણાબેન** પુત્રઃ **ચિંતન** પુત્રી : **ચૈતાલી**

ભાઈ : **હસમુખ**, ભાઈના પત્નીઃ **મધુબેન** ભત્રીજાઃ **જય, મિતેશ** ભત્રીજાવહુઃ **રીના**

બહેનો : **સ્વ. અનસૂયાબેન, સ્વ. ભાનુબેન, કુસુમબેન, પ્રતિભાબેન, જ્યોત્સનાબેન, હીતાબેન**

સસરાઃ **સ્વ. શ્રી નગીનદાસ નેણશી મહેતા** સાસુઃ **સ્વ. શ્રીમતી કંચનબેન નગીનદાસ મહેતા**

**તેમ જ**

**સમસ્ત વોરા પરિવાર તથા મહેતા પરિવારનાં જય જિનેન્દ્ર**

KAYAMI / MARCH

૧૬) શ્રીમતી માધુરીબેન પ્રાણલાલ દોશી

૧૭) એસ. વી. જૈન મંડળ કમિટી ભાયંદર

૧૮) શ્રી યોગેશ વિનોદરાય વોરા અને શ્રી ધર્મેશ રસિકલાલ વોરા

૧૯) શ્રી ગૌરવ દોશી શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મંડળ, મલાડ

**સ્ત્રીઓની ટીમના સ્પોન્સરરના નામોની યાદી**

૧) શ્રી ભરતભાઈ ન્યાલચંદ મહેતા

૨) શ્રી અનિલભાઈ કાંતિલાલ પારેખ

૩) શ્રી ભાવિન જવાહરભાઈ શેઠ

૪) શ્રી પરાગ શાંતિલાલ દોશી

આપણા સમાજના હાજર રહેલ મહાનુભાવો, દરેક સ્પોન્સરરોના પ્રમુખ શ્રી વિનોદભાઈ મહેતા - બોરીવલી, શ્રી ગુણવંતભાઈ મહેતા - મુલુંડ, શ્રી શિરિષભાઈ તથા શ્રીમતી તનુબેન વસા - અંધેરી, શ્રી શૈલેષભાઈ વોરા - કાંદિવલી, શ્રી હર્ષદભાઈ વોરા - નાલાસોપારા, મુખપત્રના તંત્રી શ્રી રાજુભાઈ પુનાતર, ઘાટકોપર મંડળના ત.ભૂ. પ્રમુખ શ્રી સુરેશભાઈ ધ્રુવ સાથે મુંબઈ સમાજના સર્વે સમિતિ સભ્યો અને ઘાટકોપર મંડળના સમિતિ સભ્યો GSPL 3 ૨૦૨૨માં ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી તે બદલ સર્વેનો ખુબ ખુબ આભાર.

છેલ્લે ફક્ત ઘાટકોપર મંડળ પૂરતું નહીં પણ પૂરા મુંબઈ સમાજમાં પણ આવા કાર્યક્રમનું આયોજન આજ સુધી ક્યારેય નહીં થયું હોય એવા પથદર્શક અને સીમાચિન્હ આયોજન કરવા બદલ કોર કમિટીનો જેટલો આભાર વ્યક્ત કરવામાં આવે તેટલો ઓછો પડશે. એક સુમધુર ગીતની જેમ તાલબદ્ધ અને લયબદ્ધ સુરોમાં દરેક પળોને મનભરીને સહુ કોઈએ માણી અને ભવિષ્યમાં પણ યુવાવર્ગ સમાજને ઉન્નતિના શિખરો પર લઈ જાય એવી પ્રવૃત્તિઓ કરે એવી શુભેચ્છા સાથે

**કીર્તિભાઈ વસા - માનદ મંત્રી**

**મુકેશભાઈ ઠક્કર - માનદ મંત્રી**

**ઍક્વેટીક જોશ (ઘાટકોપર) વુમન ટીમ વીનર**

આયુષી મહેતા (કૅપ્ટન)

મહેક સાવડીયા

જીગ્ના ભીમાણી

ભાવી કોરડીયા

સેજલ મહેતા

અમી કોરડીયા

પુનમ શાહ

અલ્પા શેઠ

ધ્વની શાહ

રુચી વોરા

**વેલિયન્ટ બ્લાસ્ટર્સ (મુલુંડ) મેન ટીમ વીનર**

રીતીક શાહ (કૅપ્ટન)

જેનીલ શાહ

રૂષભ મહેતા

ધવલ વોરા

મયંક શાહ

પારસ વોરા

દિપક શાહ

હેમેન્દ્ર મહેતા

સાહીલ સાવડીયા

અજય મહેતા (કાંદિવલી)

## શુભ લગ્ન

વીરનગર નિવાસી હાલ રાજકોટ પ્રમોદકુમાર ગુલાબચંદ શાહની સુપુત્રી ચિ. નીરાલીના શુભ લગ્ન મોરબી નિવાસી હાલ રાજકોટ બીપીનચંદ્ર વીનયકાંત ખોખાણી ના સુપુત્ર ચી. દર્શનકુમાર સાથે તા. ૨૬/૧૧/૨૦૨૧ના રાજકોટ મુકામે સંપન્ન થયેલ છે.

# ૨૨મી પુણ્યતિથિએ શ્રદ્ધાસુમન-સ્મૃતિવંદના



## સ્વ. લાભકુંવરબેન ભગવાનજી મહેતા

**સ્વર્ગવાસઃ ફાગણ સુદ - ૧, મંગળવાર, તા. ૭-૩-૨૦૦૦**

સુખને છલકાવ્યું નહિ, દુઃખને દેખાડ્યું નહિ, હસતો રાખી ચહેરો.
માતાપિતા બની હિંમત, વહાલ અને હૂંફ આપી અમારા જીવનનું ઘડતર કર્યું.
કાયમી લીધી વિદાય અને મૃત્યુને કર્યું અમર. વર્ષો વીતી ગયાં પણ તમો
અમારા વિચારોમાં, શબ્દોમાં, કાર્યોમાં અને અમારા આનંદમાં હજુ પણ જીવંત છો.
અમારી ઉન્નતિ, પ્રગતિ અને સુખ-શાંતિ માટે અમે આપના ઋણી છીએ.
હે પરમકૃપાળુ પરમાત્મા, સદ્‌ગતના આત્માને શાશ્વત સુખ અને
પરમ શાંતિ અર્પો એવી અમારા સહપરિવારની પ્રાર્થના.

**આપને અમારા સર્વેની હૃદયપૂર્વક ભાવાંજલિ...**

| | | |
|---|---|---|
| પુત્ર-પુત્રવધૂ | : | **વિનોદ-નયના,** |
| પુત્ર-પૌત્રવધૂ | : | **આશિષ-ચાંદની** |
| દીકરી-જમાઈ | : | **સોનલ-વિશાલ** |
| પ્રપૌત્રી-પ્રપૌત્ર | : | **વિયોના, માહિત** |
| દોહિત્ર | : | **ક્રિશ** |
| પુત્ર-પુત્રવધૂ | : | **સુરેશ-જયશ્રી** |
| પૌત્ર-પૌત્રવધૂ | : | **ભાવીન-કિંજલ** |
| પૌત્ર-પૌત્રવધૂ | : | **જીમીત-કૃપા** |
| પ્રપૌત્ર-પ્રપૌત્રી | : | **રિયાન-વિયા** |
| બહેન | : | **પુષ્પાબેન નવનીતલાલ વસા** |

તથા

## સમસ્ત મહેતા પરિવાર

**સૌજન્ય : Elegance Realty, Borivali, Mumbai**

KAYAMI / MARCH

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ મુંબઈ

## સમુહ લગ્નોત્સવ - નિયમો

૧. સમુહ લગ્નોત્સવ માટેની કંકોત્રીઓ સમાજ છપાવશે.

૨. કન્યાપક્ષ તથા વરપક્ષને એકસો-એકસો કંકોત્રી તથા જમણના (બુફે માટે) પચાસ પાસ નિઃશુલ્ક મળશે.

૩. એકસોથી વધારે કંકોત્રી જોઈતી હોય તો અગાઉથી જાણ કરવાથી સમાજ તરફથી વધારાની એકસો સુધી કંકોત્રી મળી શકશે. જેનો ચાર્જ અલગ લેવામાં આવશે. જે રકમ અગાઉથી ભરવાની રહેશે.

૪. પચાસ ઉપરાંત વધુ પાસો જમણ (બુફે) માટે જોઈતા હોય તો સમાજને ફોમ સાથે જાણ કરવાથી મળી શકશે. જેનો ચાર્જ અગાઉથી અલગ ભરવાનો રહેશે.

**૫. દરેકે જમણ (બુફે) પાસ લગ્ન સ્થળે સાથે લાવવો ખાસ જરૂરી છે.**

૬. કન્યાપક્ષ તથા વરપક્ષ બન્નેએ સમાજને પ્રતિકરૂપે રૂા. ૧૫૦૦/-(અંકે રૂપીયા એક હજાર પાંચસો) આપવાના રહેશે. તે રકમ કોઈ પણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહીં.

**૭. કોઈ પણ પક્ષે ચાંદલો લેવાનો નથી. તેની ખાસ નોંધ લેશો.**

૮. વ્યક્તિગત ભેટ સ્વીકારાશે નહીં, કોઈની ભાવના હોય તો દરેક દંપતિને એક સરખી ભેટ આપી શકશે. અલબત સમાજના મંત્રીશ્રીને અગાઉથી જાણ કરવાની રહેશે. અને ભેટ સમાજની ઓફીસમાં પહોંચાડવાની રહેશે.

૯. મંડપમાં દંપતિ આલ્ફાબેટીકલ ઓર્ડરમાં (કકાવારી પ્રમાણે) બેસવાનું રહેશે.

૧૦. સમુહલગ્નોત્સવમાં જેટલા લગ્ન નક્કી થાય તેટલા મંડપારોપણ કરવામાં આવશે.

૧૧. મામેરાની તથા છાબની વિધિ ઘરેજ પતાવવાની રહેશે.

૧૨. કન્યાપક્ષે વરબેડીયું, મોડીયો, કંકાવટી, દીવડો, ચુંદડી, શ્રીફળ અને મામટની વ્યવસ્થા કરવાની રહેશે. સ્ટીલનો લોટો સાથે લાવવાનો છે. રૂમને દેવા તાળુ-ચાવી સાથે લાવવા.

૧૩. ફોટોગ્રાફરની વ્યવસ્થા દરેક પક્ષે પોતપોતાની રીતે કરવાની રહેશે.

૧૪. વીડીયો શુટીંગ કરવું હોય તેમણે રૂા. ૫૦૦/- અગાઉથી ભરવાના રહેશે. અને તે રસીદ લગ્ન સ્થળે સાથે લાવવી જરૂરી છે.

૧૫. સત્કાર સમારંભ તથા જમણવાર અલગ નહીં ગોઠવવા નમ્ર વિનંતી.

૧૬. મંડપ મુહૂર્ત (કન્યાપક્ષ) તથા લગ્નવિધિની સર્વ વ્યવસ્થા સમાજ કરશે.

૧૭. ઠંડા પીણાંથી જાનનો સત્કાર સમાજ કરશે.

૧૮. લગ્નના ગીતો સમાજની બહેનો ગાશે.

૧૯. વાડી, મંડપ, ડેકોરેશન, લાઉડ સ્પીકર, ગોરમહારાજ, વિધિનો સામાન, સરબત, બુફે-જમણ વિગેરેની વ્યવસ્થા સમાજ કરશે.

૨૦. લગ્ન પ્રસંગની વ્યવસ્થા સમાજના સ્વયંસેવકભાઈ-બહેનો સંભાળશે.

૨૧. હાજર રહેનાર સૌના શિસ્તબદ્ધ સહકારથી આ પ્રસંગને ઉજવણીમાં ફેરવવા અમો કટીબદ્ધ છીએ.

૨૨. સમુહલગ્નોત્સવમાં જોડાનારને સમાજ તરફથી છપાઈને જે રીતે કંકોત્રી આપવામાં આવે છે તેમાં કોઈ જ ફેરફાર કરવા નહીં. આખે આખી કંકોત્રી આમંત્રિતોને આપવાની રહેશે. માત્ર પોતાને લગતી વિગતો જ રાખી બાકીની વિગતો કાઢી શકાશે નહીં.

૨૩. મંડપમાં ગોર મહારાજને વ્યક્તિગત કોઈએ કાંઈ આપવાનું નથી. ગોર મહારાજ વિગેરેનો ખર્ચ સમાજ ભોગવે છે.

૨૪. આ સિવાયની કોઈ જાણકારી કે માહિતી જોઈતી માટે સમાજના પ્રમુખ અથવા મંત્રીઓનો રૂબરૂ સંપર્ક સાધવા નમ્ર વિનંતી.

૨૫. લગ્નમાં જોડાનાર કોઈપણ એક પક્ષ સોરઠ વિશાશ્રીમાળી હોવો જોઈએ તેમજ બીજા પક્ષમાં ગુજરાતી જૈન હોવો જરૂરી છે.

# હિંમત હારને સે જીત નહીં હોતી

શ્રી મધુભાઈ ભીમાણી

આપણી આજુબાજુ અસંખ્ય ઘટનાઓ બન્યા કરે છે. કેટલીક ગમતી-કેટલીક ન ગમતી. કેટલીને યાદ રાખીએ? પણ એક હકીકત છે કે કોરોના કાળની કેટલીક ઘટના આપણા મનમાં સ્થિર થઈ ક્યારેક ગમગીનીમાં ધકેલી દે છે. એ પિરિયડ જ અવિસ્મરણીય રહેવાનો. એ સંદર્ભે એક ઘટનાનું સ્મરણ વિસરાતું નથી.

એક ડાન્સ ટીચરની વાત છે. તેનું નામ બાળાજી સાવરકર, ૨૦૧૩માં બાળાજીએ સાકીનાકા, મુંબઈ ખાતે એક ડાન્સ એકેડમી ખોલી હતી. ''બાળી સ્ટેપ ઓફ ડાન્સ ક્લાસીસી.'' પીટીઆઈને એક મુલાકાત દરમ્યાન બાળાજી સાવરકરે કહેલ કે તે પોતે પ્રોફેશનલ ડાન્સર છે ને તેની પાછળ વીસ વરસની તપશ્ચર્યા છે. પણ સાવરકરની કુંડળીમાં કંઈક અણકથ્યું લખેલ હશે. બાળાજીના જીવનમાં કંઈક સ્થિરતા, કંઈક પ્રગતિ, નામના મળવાની શરૂઆત ને કોરોના-કાળની એક થપાટે એ બધું જ છીનવાઈ ગયું. એક કંપની પણ બનાવેલ તે બધુ જ સ્વાહા થઈ ગયું. પહેરેલે કપડે ફુટપાથ પર આવી ગયો. કોરોના કાળના ગોઝારા દિવસામાં બાળાજી સાવરકર જેવી હાલત અનેકની થઈ હતી. તેની ટેલેન્ટની પણ અન્ય કોઈ જાણકારને પડી ન હતી.. નોકરી મેળવવાનો પ્રયાસ પણ કર્યો... પણ ના... ના.... ના...


આવી 'ના' ની વચ્ચે, મુંબઇ છોડી દિલ્હી આવ્યો, નવી જીંદગી શરૂ કરવાના ખ્યાલ સાથે. હજી હિંમત હાર્યો ન હતો. હળવે હળવે પોતાની નાનકડી મૂડી ખલાસ થઈ રહી હતી. મૂઝારો વધતો જતો હતો. છેવટે બધે બધું ગૂમાવતા, દિલ્હીની બજારોમાં ફરતો રહ્યો ને છેલ્લે દિલ્હીના નાઈટ શેલ્ટરમાં રહેવાનો વારો આવ્યો. (ઘર વિહોણાં માટે નાઈટ સેલ્ટરની વ્યવસ્થા દિલ્હીમાં છે.

નસીબનું પાંદડું ફરવાનું હશે એટલે બાળાજી સાવરેકરની ટેલેન્ટ નો અંદાજ દિલ્હી પોલીસને મળ્યો. પોલીસમાં છુપાયેલ માનવતા જાગી... બાળાજીને એક રેસ્ટોરન્ટમાં નોકરી મળી ગઈ. જૂની યાદની ઉક્તિ કે હિંમત હારને સે જીત નહીં હોતી. કેટલી વ્યાજબી ! કેટલી સાચી!

ઘટના બાબતે લખાઈ રહ્યું છે ત્યારે ટુંકમાં, સાંપ્રત જીવનની એક-બે અન્ય ઘટના પણ જોઈ લઈએ. ગુજરાતી મૂળની દીકરી ન્યૂ જર્સીની મ્યુનિસિપલ કોર્ટમાં જજ બની. નામ તેનું દિપ્તી વૈદ્ય-દેઢિયા છે. એડિસન મ્યુ. કોર્ટમાં નિમણુક સાથે દક્ષિણ એશિયાઈ પ્રાંતની પ્રથમ મ્યુ. કોર્ટ જજ બનીને દિપ્તીએ ઈતિહાસ રચી દીધો. બીજો કિસ્સો પણ સાંભળવા / વાંચવા જેવો છે ન્યુયોર્ક ફેશન વીકમાં વડોદરાની પાંચ વિદ્યાર્થીઓની ડીઝાઈન પસંદ કરાઈ. વિદ્યાર્થીઓ દ્વારા જાળી અને ઝરૂખો થીમ પર ડીઝાઈન વસ્ત્રો તૈયાર કરાયા હતા. જેમાં ભારતીય સ્થાપત્યમાં જાળી અને ઝરૂખો આધારિત વસ્ત્રોની પસંદ થઈ હતી. આંતરરાષ્ટ્રીય કક્ષાએ ફેશન-વીકમાં મોડલ દ્વારા પરિધાન કરી રેમ્પ વોક કરવામાં આવ્યું હતું.

અને આપણા સમાજની એક/બે ઘટના એવી બની કે એ બાબતે બે શબ્દો ઉમેરતા મનમાં આનંદ અનુભવાય છે. જોકે આ જ અંકમા-અન્ય પાના પર એ બે ઘટના બાબતે વિસ્તૃત લખેલું જ છે છતાંય એ બાબતે લખ્યા વગર રહેવાતું નથી. પહેલો પ્રસંગ છે સમાજમાં સ્પોર્ટસને

# ૧૩મી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



## સ્વ. ધીરજલાલ ચંદુલાલ માઝની

**સ્વર્ગવાસ : તા. ૨૧-૩-૨૦૦૯, ફાગણ વદ ૧૦**

***"તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયા,***
***સુગંધ જેની ચોતરફ મૂકતા ગયા."***

**આપના આત્માને પરમકૃપાળુ પરમાત્મા**
**પરમ શાંતિ આપે તેમ જ આપના આશીર્વાદ હંમેશ**
**અમારી સાથે રહે એવી અમારી**
***અંતઃકરણપૂર્વકની પ્રાર્થના...!!!***

લિ.

ધર્મપત્ની : **લીલમબેન**
પુત્ર : **હરેશ, નરેશ**
પુત્રવધૂ : **હીના, વૈશાખી**
પુત્રી-જમાઈ : **કલ્પના અમિતકુમાર મોદી**
પૌત્ર : **હેમીત, જૈનીલ**

**તથા**
**સમસ્ત માઝની પરિવાર**

KAYAMI / MARCH

લીધે કેટલા યુવાવર્ગના થનગનતા સભ્યો મેદાનમાં આવ્યા! ઘાટકોપરની એક નિવડેલ ટીમે ક્રિકેટ મેચ ગોઠવી તેની જાહેરાત કરી ને જોતાજોતામાં આપણા સમાજના બસોથી વધુ યુવક/યુવતિઓ રમત રમવા ઉમંગભેર જોડાયા. સ્પેસનો માહોલ જ કંઈક ઔર હતો. મિજાજ પણ ગૌરવ અનુભવતો હતો. સમાજની હીડન ટેલેન્ટને નજર સામે જોવા મળી. એ બિરદાવવા લાયક પ્રસંગ માટે મારી લાગણી વ્યક્ત કર્યા વગર રહી શક્યો નહીં. તો બીજો પ્રસંગ પણ અતિ પ્રેરક અને નવી સોચને અમલમાં મૂકાતો જોઈ સમાજ માટે નો ગૌરવ અનુભવાય પણ જે વ્યક્તિને આવો અનેરો વિચાર સૂઝયો તેને પણ અભિનંદન ઘટે. હા... જી... તમે બરાબર કલ્પના કરી છે. પ્રસંગ છે કા. સ. ના એક સભ્યને ત્યાંના શુભ લગ્ન પ્રસંગનો એ સભ્ય એટલે ભાઈશ્રી શૈલેષભાઈ વી. વોરા તેમને ત્યાં શુભ લગ્ન પ્રસંગ હતો ત્યારે વ્યવહારિક બધા જ કામ આટોપ્યા પણ એમના કુટુંબ પરિવારની ખુશી, ઘરના સીમાડા વળોટી આગળ વધવા માગતી હતી. તેના અનુસંધાને શૈલેષભાઈએ શું કર્યું? આજુબાજુના સાધારણ/ગરીબ સ્થિતિના કુટુંબોનો વિચાર કરી, તેમનામાંથી ૧૨૫ વ્યક્તિઓને સ-સ્નેહ ભોજન કરાવ્યું. સમાજથી થોડાં દૂર રહેતાં અને અવગણાયેલ એ ભાઈભાંડુને પોતાના સમજી માનભર ભોજનમાં આમંત્ર્યા. આ અમલીકરણના સુંદર પડઘા સમાજમાં પણ પડવાના. શૈલેષભાઈ વોરાના સમગ્ર પરિવારને સલામ અને અભિનંદન.

આમ ઘટનાઓ બનતી જ રહે છે. કેટલીક ધ્યાનમાં આવે છે. ક્યારેક કેટલીક જરૂર હોવા છતાં ધ્યાન બહાર રહી જાય છે. જીવન પોતે તો એને મળેલ સમયનો સારા અથવા ખોટા રસ્તે ઉપયોગ કરી લેશે. પણ આપણું પોતાનું જીવન જે સંપૂર્ણ રીતે આપણે હસ્તક છે એટલે બનતી ઘટનાઓને ધ્યાનમાં લેવાની જ. જોકે ઘટનાઓનું બનવું ન બનવું આપણે હસ્તક નથી. આમ જ બને ને આમ ન બને તેનો નિર્ણય પણ આપણે હસ્તક નથી. તે જેમ બને તેમ બનવા દેવી, એ કુદરતી છે. આપણે ત્યાર પછી ચિત્રમાં તરત જ આવીએ એ ક્ષેત્ર એટલે એ ઘટનાઓને કેમ મુલવવી. દા.ત. કોરોનાના સંકજામાં ફસાયેલ ડાન્સર બાળાજી સાવરકરને દિલ્હીના શેલ્ટર હોમમાં રહેવું પડે તે અકલ્પનિય કરુણ સ્થિતિમાં પહોંચે છે પણ જીવન જીવે છે જીવન ટુકાવતા નથી. આપણી બીજા વાતમાં ગુજરાતી મુળની દીકરી દિપ્તી વૈદ્ય-દેઢિયા આવે છે જે ન્યુ જર્સીની મ્યુનિસિપલ કોર્ટમાં જજ બને છે. ગુજરાતી તરીકે ગર્વ અનુભવીએ તે તો બરાબર છે પણ સાથે એ દીકરીએ પરદેશભૂમિ પર કેટલી મહેનત કરી હશે... કેટકેટલા સારા માઠા અનુભવોમાંથી પસાર થઈ હશે.. પણ લક્ષમાં ચ્યુત ન થઈ. સાથે જ ત્રીજી વાત ઉપર લખાઈ તે યાદ આવે છે. તેમાં વડોદરાની પાંચ વિદ્યાર્થીઓ આંતરરાષ્ટ્રીય કક્ષાએ યોજાયેલ ફેશનવીકમાં પોતાની જાળી અને ઝરૂખાની થીમને ધ્યાનમાં રાખી, પોતાની મહેનત કામે લગાડી, સફળતા પ્રાપ્ત કરે છે. સાથે જ ઘર આંગણે સમાજમાં જ બે અતિ મહત્વની અને પ્રેરણા આપનાર ઘટનાઓ પણ બને છે. જીવન અને ઘટના એક બીજાના પર્યાય છે. એક નથી તો બીજું નથી. તો પછી ઘટનાઓ બને ત્યારે તેને મુલવવામાં આપણે પાછા કેમ પડીએ છીએ?

**મો. ૯૮૬૭૦૯૮૪૪૫**

# સંસ્થા સમાચાર

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મંડળ (ભાયંદર) ૪૩મી વર્ષગાંઠ સ્નેહમિલન યાત્રાપ્રવાસ

શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મંડળ-ભાયંદરની ૪૩મી વર્ષગાંઠ નિમિત્તે શ્રી મલ્લિનાથ જૈન વિહારધામ-તલાસરીનો એક દિવસિય યાત્રા પ્રવાસનું તા. ૧૩.૨.૨૦૨૨ ને રવિવારનાં રોજ આયોજન કરેલ હતું. સવારે ૬.૩૦ કલાકે બાવન જિનાલય દર્શન કરી ત્રણ બસ દ્વારા તલાસરી જવા રવાના થયા હતા.

ત્યા પહોંચી દરેકે નવકારશી વાપરી હતી. ત્યાર બાદ દરેકે સેવા પૂજા કરી તથા મહિલા મંડળ દ્વારા સુંદર સ્નાત્ર પૂજા ભણાવેલ હતી. ત્યારબાદ દરેકે જમવાનો લાભ લીધો હતો. થોડો આરામ કરી ચા-પાણી લીધા પછી વાર્ષિક સમારંભનુ આયોજન કરેલ હતું. જેમા દાતાઓના બહુમાન, શૈક્ષણિક પારિતોષિકનો તથા તપસ્વીઓના બહુમાન કરવામાં આવ્યા હતા. વડીલોનાં આશીર્વચનો તથા સંઘપૂજન કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવેલ હતી.

સાંજે ચૌવિહાર કરી આરતી મંગળ દિવો ઉતારી ભાયંદર આવવા રવાના થયા હતા.

આ યાત્રાપ્રવાસને સફળ બનાવવામાં સહભાગી થનાર સર્વ દાતા પરિવાર, ફાળો આપનાર દરેક સભ્ય અને આ યાત્રા પ્રવાસને સફળ બનાવવામાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સહભાગી થનાર દરેક સભ્યોનો આભાર.

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મંડળ**
**(ભાયંદર), કમીટી**







## આ ૪૩મી વર્ષગાંઠ સ્નેહમિલન યાત્રા પ્રવાસનાં સહયોગી દાતાઓ

| | | |
|---|---|---|
| **સંઘસારથી** | - | માતુશ્રી નિલમબેન નગીનદાસ વોરા |
| **નવકારથી** | - | માતુશ્રી પ્રભાવતિબેન વ્રજલાલ સાવડીયા પરિવાર |
| | - | માતુશ્રી સુશીલાબેન પ્રભુદાસ મહેતા અને સ્વ. દિપ્તી મનીષ મહેતા |
| | - | શ્રીમતિ સીમાબેન ભરતભાઈ વોરા (વર્ષતપ નિમિત્તે) |
| **બપોરનું જમણ** | - | શ્રીમતિ હંસાબેન ચંદ્રકાંતભાઈ પારેખ પરિવાર |
| | | માતુશ્રી નિર્મળાબેન દિપચંદ વોરાની સ્મૃતિ નિમિત્તે ''શત્રુંજય પરિવાર'' |
| **ચા-પાણી** | - | માતુશ્રી કાંતાબેન ચુનીલાલ શેઠ |
| **ચૌવિહાર** | - | માતુશ્રી ઈન્દુમતિબેન જયસુખલાલ મહેતા |
| | | માતુશ્રી નિરંજનાબેન મહેન્દ્રભાઈ ભણશાલી |
| | | માતુશ્રી કાંતાબેન ચુનીલાલ વસા |
| **બસ** | - | માતુશ્રી દક્ષાબેન કાંતિલાલ શાહ |
| | | માતુશ્રી હંસાબેન મનસુખલાલ મહેતા |
| **ડ્રાયફ્રુટ** | - | માતુશ્રી રેખાબેન મનહરલાલ મહેતા |
| | | માતુશ્રી હંસાબેન શાંતિલાલ મહેતા |
| **શૈક્ષણિક** | - | ધો. ૧ થી ૧૨ પ્રથમ પારિતોષિક |
| | | શ્રી અનંતરાય લવચંદ મહેતાના સ્મરણાર્થે પરિવાર (મુલુંડ) |
| | | ધો. ૧ થી ૧૨ દ્વિતિય પારિતોષિક |
| | | એક સદગૃહસ્થ |
| **તપસ્વીનું બહુમાન** | - | માતુશ્રી કાંતાબેન ચુનીલાલ વસા |

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મંડળ**
**(ભાયંદર), કમીટી**

# અવસાન નોંધ

ધોરાજી નિવાસી હાલ કાંદિવલી સ્વ. મનસુખલાલ લાલચંદ વોરાના પુત્ર, હસમુખભાઈના ધર્મપત્ની મધુબાલાબેન ઉ.વ. ૬૭ તે ભાઈ જય તથા મિતેષના માતા રીના તથા ફોરમના સાસુ રિત્વી તથા હેતવીના દાદી તે પીયર પક્ષે માણાવદર નિવાસી સ્વ. નંદલાલ સુંદરજી ભણશાળીના દિકરી સ્વ. અમીલાલભાઈ, પ્રફુલ્લભાઈ તથા મહેન્દ્રભાઈના બહેન તા. ૦૨.૦૩.૨૦૨૨ બુધવારના રોજ અરિહંત શરણ પામેલ છે.

****

રાણપુર ભેસાણ નિવાસી હાલ વર્ધા હસમુખભાઈ ઉ. વ. ૬૩ તે સ્વ. કમળાબેન અમરશી દોશીના પુત્ર, નીતાબેનના પતિ તા. ૨૧.૦૧.૨૦૨૨ના રોજ અરિહંત શરણ પામેલ છે.

****

મોટી પાનેલી નિવાસી હાલ-ડોંબીવલી લલીતભાઈ દેવજી મહેતા તા. ૦૮. ૦૨.૨૦૨૨ મંગળવારના રોજ અરિહંત શરણ પામેલ છે.

****

ધોરાજી નિવાસી હાલ-રાજકોટ સ્વ. વરજીવનદાસ ખાખરાના સુપુત્ર મહેન્દ્રભાઈ ઉ. વ. ૮૫ તા. ૨૨.૦૧.૨૦૨૨ શનિવારના રોજ અરિહંત શરણ પામેલ છે.

****

થાણા દેવડી નિવાસી હાલ પુના સ્વ. કાંતિલાલ હેમચંદભાઈ શાહના ધર્મપત્ની મંજુલાબેન ઉ. વ. ૮૬ તે સ્વ. જયેષભાઈ, સ્વ. કિરણભાઈ અને બિનાબેનના માતુશ્રી નમિતાબેન, દિપ્તીબેન, તથા અજયકુમારના સાસુ તથા સ્નેહા, નિકુંજ શેઠ, અંકિતા, ભાવિકા, તેજસ, તપન, મિનેષભાઈ, હર્ષિલ ના દાદી / નાની પીયર પક્ષે વંથલી નિવાસી હાલ કલકતા સ્વ. વૃજલાલ હરિચંદ વસાની દિકરી તા. ૨૪.૨.૨૦૨૨ ના રોજ અરિહંત શરણ પામેલ છે.

****

મજેવડી નિવાસી હાલ વિલેપાર્લા સ્વ. ચુનીલાલ ગોપાલજી વસાના ધર્મપત્ની નિર્મળાબેન ઉ. વ. ૯૩ તે મોટી મારડ નિવાસી શાહ કાનજી નેમચંદની દિકરી સ્વ. જયકુમાર, સ્વ. મહેન્દ્ર, જનક, પ્રતિભા, વર્ષા, દિવ્યા, પુર્ણિમા, જ્યોતિ, સોનલના માતુશ્રી તથા જાગૃતિ, અલ્કા, હિના પંકજકુમાર, મહેન્દ્રકુમાર, ધીરેનકુમાર, હરેશકુમાર, પરેશકુમારના સાસુ તા. ૪.૨.૨૦૨૨ શુક્રવારના રોજ અરિહંત શરણ પામેલ છે.

****

કોલકી નિવાસી હાલ મુલુન્ડ સ્વ. હેમતલાલ જગજીવનદાસ મહેતાના ધર્મપત્ની નિર્મળાબેન ઉ. વ. ૮૫ તે પરેશ તથા શૈલેષના માતુશ્રી સ્વ. નીલા, અ. સૌ. ભારતી તથા ઈલાના સાસુ, ઋષભ, શ્રેણીક અને શ્રીપાળ ના દાદી, સ્વ. કંચનબેન રસીકલાલ મહેતાના જેઠાણી, પીયર પક્ષે ભાણવડ નિવાસી લીલાધર સંઘવીના દિકરી તા. ૨૬.૨.૨૦૨૨ના રોજ અરિહંત શરણ પામેલ છે.

****

જેતપુર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. કંચનબેન રતિલાલ શાહના સુપુત્ર રમેશભાઈ ઉ. વ. ૮૨ તે મધુબેનના પતિ શૈલેષ, મમતા દેવાંગ પરીખ, બીના જયેષ શાહના પિતા શીતલના સસરા, સ્વ. શાંતિભાઈ, સ્વ. જવાહરભાઈ, જ્યોત્સનાબેન, નલિનીબેન, જ્યોતિબેનના ભાઈ, સ્વ, શાંતિલાલ ઠાકરશી શેઠના જમાઈ તા. ૯.૨.૨૦૨૨ બુધવારના રોજ અરિહંત શરણ પામેલ છે.

****

ગળથ નિવાસી હાલ સુરત રમણીકભાઈ વોરાના ધર્મપત્ની રંજનબેન ઉ. વ. ૮૧ તે કેતનભાઈ, અલ્પેશભાઈ, તુષારભાઈ તથા ચારુબેન જીતેશકુમાર દોશીના માતુશ્રી તા. ૭.૨.૨૦૨૨ સોમવારના રોજ અરિહંત શરણ પામેલ છે.

****

સોરઠ વંથલી નિવાસી હાલ મુલુંડ સ્વ. વીઠ્ઠલજી જાદવજી વસાના સુપુત્ર શશીકાંતભાઈ ઉ.વ. ૯૨ તે સ્વ. પુષ્પાબેન ના પતિ, નિરુબેન ધનવંતભાઈ, પ્રવિણાબેન, ભાવનાબેન કેતનભાઈ, હિના હરેનભાઈના પિતાશ્રી, શ્વસુર પક્ષે ધ્રાફા નિવાસી જયસુખલાલ દિપચંદ દોશીના જમાઈ તા. ૨૧.૨.૨૦૨૨ના રોજ અરિહંત શરણ પામેલ છે.

****

વડાલ નિવાસી હાલ કાંદિવલી સ્વ. મુક્તાબેન ચુનીલાલ મહેતાના સુપુત્ર સુરેશભાઈ ઉ. વ. ૬૨ તે જયેશભાઈ ચુનીલાલ મહેતા **(J.C)** જ્યોતિબેન નગીનદાસ મહેતા તથા સ્વ. નયનાબેન જગદિશચંદ્ર પારેખ ના ભાઈ, નલીનીબેન ના દિયર, હાર્દિક અને તીર્થેશ ના કાકા તા. ૫.૩.૨૦૨૨ શનિવારના રોજ અરિહંત શરણ પામેલ છે.

****

ઉપલેટા નિવાસી હાલ ધોરાજી સ્વ. છબીલદાસ અભેચંદ વોરાના ધર્મપત્ની સુશીલાબેન ઉ. વ. ૭૦ તે જીનેશ, અર્ચના, રીધ્ધીના માતુશ્રી પીયર પક્ષે મજેવડી નિવાસી હાલ ધોરાજી સ્વ. કંચનબેન પ્રભુદાસ વીઠ્ઠલજી મહેતાના દિકરી તા. ૧૦.૨.૨૦૨૨ ગુરુવારના રોજ અરિહંત શરણ પામેલ છે.

****

છત્રાસાવાળા સ્વ. છોટાલાલ વોરાના ધર્મપત્ની શારદાબેન તા. ૧૨.૧.૨૦૨૨ના રોજ અરિહંત શરણ પામેલ છે.

****

ખારચીયા વાંકુના નિવાસી હાલ સુરત સ્વ. દુર્લભજી રાયચંદ મહેતાના સુપુત્ર મહાસુખરાય ઉ. વ. ૮૬ તે સ્વ. હિરાભાઈ, ઉમેશભાઈ, જશવંતરાય, મુક્તાબેન ચીમનલાલ, રંજનબેન કાંતિલાલ ના ભાઈ, રીટા સંજીવ, અમી ધર્મેશકુમાર, કવિતા હેમાંશુકુમાર ના પિતાશ્રી તે સ્વ. અમૃતલાલ રામજી શાહના જમાઈ તા. ૧૦.૧.૨૦૨૦ના રોજ અરિહંતશરણ પામેલ છે.

****

મોટી પાનેલી નિવાસી હાલ વિલેપાર્લે સ્વ. ભરતભાઈ કાંતિલાલ શેઠના ધર્મપત્ની નિરૂપમાબેન ઉ. વ. ૭૧ તે રાજુલ, અમિત **(USA)** ના માતુશ્રી, ખુશ્બુ યોગશભાઈ દેવાની તથા નીરજ દિલિપભાઈ સંઘવીના સાસુ, સ્વ. ચીમનલાલ લક્ષ્મીચંદ દોશી કલકતાના દિકરી, રાશીના નાની, રીતી તથા અવનીના દાદી તા. ૩૦.૧૨.૨૦૨૦ના રોજ અરિહંત શરણ પામેલ છે.

****

પાટણવાવ નિવાસી હાલ ઘાટકોપર દિનેશચંદ્ર પોપટલાલ વસા ઉ. વ. ૮૩ તે જશવંતલાલ, ચંદ્રકાંતભાઈ, સ્વ. ભાનુબેન મનસુખલાલ ભીમાણી, પુષ્પાબેન નરોત્તમભાઈ દોશી, નલિનીબેન ઈશ્વરલાલ વોરાના ભાઈ તે નિલેશ, હિરેન, મયુરી ભરત દોશી, વિશાલ, જીગીષા આશિષ વોરા તથા સેજલ સંજીવ વોરાના કાકા તા. ૧૮.૧.૨૦૨૨ના રોજ અરિહત શરણ પામેલ છે.

****

પોરબંદર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. નટવરલાલ નાગરદાસ સાવડિયાના ધર્મપત્ની તારાબેન ઉ. વ. ૭૮ તે મનિષભાઈ તથા શીલાબેનના માતુશ્રી તે તૃપ્તિ અને નિપુલભાઈના સાસુ, ધ્રુવી તથા મિલોનીના દાદી, હર્ષના નાની, પીયરે પક્ષે સ્વ. લઘુભાઈ માણેકચંદના સુપુત્રી તા. ૧૯.૧.૨૦૨૨ના રોજ અરિહંત શરણ પામેલ છે.

****

પાટણવાવ નિવાસી હાલ મીરારોડ સ્વ. જયચંદ્ર (બટુકભાઈ) હરિલાલ વસાના ધર્મપત્ની રંજનબેન ઉ. વ. ૭૩ તે સ્વ. ગુલાબબેન, સ્વ. કંચનબેન, સ્વ. હિરાબેન, સ્વ. શાંતાબેન, સ્વ, કમળાબેન, પુષ્પાબેન, ચંદ્રકાંતભાઈ, સ્વ. કેશરીભાઈ ના ભાભી તે મનીષભાઈ, વિપુલભાઈ, કેતનભાઈ, આશાબેન તથા જયશ્રીબેનના કાકી, પીયર પક્ષે પાલીતાણા નિવાસી શાંતિલાલ જગજીવનના દિકરી તા. ૨૦.૧.૨૦૨૨ના રોજ અરિહંત શરણ પામેલ છે.

****

પીપલાણા નિવાસી હાલ રાજકોટ સ્વ. સવિતાબેન તથા સ્વ. ચત્રભુજ હિરાચંદ ભણશાળીના સુપુત્ર પરેશભાઈ ઉ. વ. ૬૪ તે નિતાબેનના પતિ કુપેશ તથા ગ્રિષ્માના પિતાશ્રી, વૈશાલી તથા કુલદિપભાઈ કિર્તિભાઈ વોરાના સસરા, સ્વ. હરેશભાઈ, કુમુદબેન પ્રવિણચંદ્ર ફોફળીયા તથા દિનાબેન યોગેશભાઈ શાહના ભાઈ, પીયર પક્ષે ઈંદુભાઈ ગોકળદાસ સંઘવીના જમાઈ તા. ૨૫.૧.૨૦૨૨ના અરિહંત શરણ પામેલ છે.

****

મેવાસા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. હિરાબેન પ્રાણલાલ દામોદર મહેતાના સુપુત્ર ભુપેશભાઈ ઉ. વ. ૬૭ તે બિનાબેનના પતિ, અમિ હિરલ શાહ તથા દિશા દેવેન્દ્ર મહેતાના પિતાશ્રી તે કિરીટભાઈ, ઈલાબેન જીતીનભાઈ વસા, સ્વ. હંસાબેન મહેશભાઈ દોશીના ભાઈ, શ્વસુર પક્ષે નાગરદાસ મણીલાલ શાહના જમાઈ આગમ તથા ધ્યેય ના નાના તા.૮.૩.૨૦૨૨ના રોજ અરિહંત શરણ પામેલ છે.

****

સોરઠ વંથલી નિવાસી હાલ મીરારોડ સ્વ. ભુપતભાઈ તલકચંદ વોરાના ધર્મપત્ની વર્ષાબેન ઉ. વ. ૬૭ તે હિનાબેન, બિનાબેન, અંજલિબેન તથા જયભાઈના કાકી તે નિલેષકુમાર ગાંધી, રાજેશકુમાર ગાંધી, દિપા વોરા ના કાકીજી તે બોટાદ નિવાસી હાલ કાંદિવલી સ્વ. ભુપતરાય તથા કુંદનબેન કામદારના દિકરી, તે સંજયભાઈ, સ્વ. હિનાબેન તથા રાજેષભાઈના મોટાબેન તા. ૧૨.૧.૨૦૨૨ના રોજ અરિહંત શરણ પામેલ છે.

****

મોટી પાનેલી નિવાસી હાલ ભાયંદર સ્વ. વસંતરાય નાગરદાસ શેઠની સુપુત્રી દક્ષાબેન ઉ. વ. ૬૪ તે રેખાબેન ધનેશકુમાર ધોળકિયા, રોહિત, હરીશની બહેન, રેખા રોહિત શેઠ અને ડિમ્પલ હરિશ શેઠની નણંદ તા. ૧૭.૩.૨૦૨૨ ગુરુવારના રોજ અરિહંત શરણ પામેલ છે.

****

વડાલ નિવાસી હાલ ઘાટકોપર હરકિશનભાઈ વ્રજલાલ મહેતા ઉ. વ. ૮૧ તે ઈન્દુબેનના પતિ ચિ. દિવ્યેશ તથા ચી. ભાવનાના પિતાશ્રી જયંત તથા હેમા શશીકાંત પારેખના ભાઈ ભાણવડ નિવાસી શ્રી લીલાધર હરખચંદ સંઘવીના જમાઈ તા. ૧૭.૩.૨૦૨૨ના રોજ અરિહંત શરણ પામેલ છે.

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઇ

## ફેબ્રુઆરી - માર્ચ ભેટની યાદી

### સમાજને ભેટ

૨,૫૦૦/- શૈલેષભાઈ વ્રજલાલ વોરા તરફથી સુપુત્ર કેવલના લગ્ન પ્રસંગે

૧,૦૦૧/- અશોકકુમાર નાથાલાલ કોરડિયા પરિવાર તરફથી અશોકકુમાર નાથાલાલ કોરડિયાના આત્મશ્રેયાર્થે

૫૦૧/- જીતેન્દ્ર નગીનદાસ મહેતા પરિવાર તરફથી સુપુત્રી ચાર્મિના લગ્ન પ્રસંગે

૫૦૧/- મીતુલ સુરેશભાઈ રામાણી તરફથી ચિ. સ્તુતિના ઉપધાન તપ નિમિત્તે

૫૦૧/- સ્વ. મહેન્દ્રભાઈ વરજીવનદાસ ખાખરા પરિવાર તરફથી સ્વ. મહેન્દ્રભાઈ વરજીવનદાસ ખાખરાના આત્મશ્રેયાર્થે

૫૦૦/- વિનોદભાઈ દિપચંદ વોરા તરફથી નુતન ગ્રહ પ્રવેશ નિમિત્તે

૫૦૦/- શ્રીમતિ નીતાબેન હસમુખભાઈ દોશી તરફથી હસમુખભાઈ નગીનદાસ દોશીના આત્મશ્રેયાર્થે

૫૦૦/- શ્રીમતિ દર્શનાબેન જયેશભાઈ વસા તરફથી ઉપધાન તપ નિમિત્તે

૨૫૧/- સ્વ. કાંતિલાલ લીલાધર દોશી પરિવાર તરફથી સ્વ. કાંતિલાલ લીલાધાર દોશીના આત્મશ્રેયાર્થે

૨૫૧/- જય શાંતિલાલ વોરા તરફથી સ્વ. વર્ષાબેન ભુપતરાય વોરાના આત્મશ્રેયાર્થે

૨૫૧/- જય શાંતિલાલ વોરા તરફથી ચિ. રાશી જય વોરાના ઉપધાન તપ નિમિત્તે

૨૫૧/- લલીતભાઈ દેવજીભાઈ મહેતા પરિવાર તરફથી સ્વ. લલીતભાઈ દેવજીભાઈ મહેતાના આત્મશ્રેયાર્થે

૨૫૧/- હર્ષદભાઈ અમૃતલાલ મહેતાના આત્મશ્રેયાર્થે

૨૦૦/- લલીતભાઈ જીવરાજ મહેતા પરિવાર તરફથી દોહિત્રી ચિ. રિયાના લગ્ન પ્રસંગે

૧૫૧/- મનસુખલાલ વિઠ્ઠલદાસ શાહ તરફથી હ. કુમુદબેન સ્વ. મનસુખલાલ વિઠ્ઠલદાસ શાહના આત્મશ્રેયાર્થે

### મુખપત્રને ભેટ

૨,૫૦૦/- શૈલેષભાઈ વ્રજલાલ વોરા તરફથી સુપુત્ર કેવલના પ્રસંગે

૫૦૧/- સ્વ. મહેન્દ્રભાઈ વરજીવનદાસ ખાખરા પરિવાર તરફથી સ્વ. મહેન્દ્રભાઈ વરજીવનદાસ ખાખરાના આત્મશ્રેયાર્થે

૫૦૦/- વિનોદભાઈ દિપચંદ વોરા તરફથી નુતન ગૃહ પ્રવેશ નિમિત્તે

૫૦૦/- શ્રીમતિ નીતાબેન હસમુખભાઈ દોશી તરફથી હસમુખભાઈ નગીનદાસ દોશીના આત્મશ્રેયાર્થે

૨૫૧/- સ્વ. કાંતિલાલ લીલાધર દોશી પરિવાર તરફથી સ્વ. કાંતિલાલ લીલાધર દોશીના આત્મશ્રેયાર્થે

૨૫૧/- જય શાંતિલાલ વોરા તરફથી સ્વ. વર્ષાબેન ભુપતરાય વોરાના આત્મશ્રેયાર્થે

૨૫૧/- જય શાંતિલાલ વોરા તરફથી ચિ. રાશી જય વોરાના ઉપધાન તપ નિમિત્તે

૨૫૧/- હર્ષદભાઈ અમૃતલાલ મહેતાના આત્મશ્રેયાર્થે

૧૫૧/- મનસુખલાલ વિઠ્ઠલદાસ શાહ તરફથી

હ. કુમુદબેન

સ્વ. મનસુખલાલ વિઠ્ઠલદાસ શાહના આત્મશ્રેયાર્થે

## શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્રમંડળ-મુંબઇને આવેલ ભેટની યાદી - ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૨

### આર્થિક સહાય

૧,૦૦,૦૦૦/- શ્રીમતી મંજુલાબેન પ્રવીણચન્દ્ર જયચન્દ્ર ગાંધી રાજકોટ તરફથી ભેટ

૫૦૧/- જય શાંતિલાલ વોરા તરફથી ચિ. રાશીના ઉપધાન તપ નિમિત્તે ભેટ

૫૦૧/- જય શાંતિલાલ વોરા તરફથી સ્વ. વર્ષાબેન ભુપતભાઈ વોરાના આત્મશ્રેયાર્થે

### આર્થિક સહાય

૫૧,૦૦૦/- મનસુખલાલ પ્રેમચંદ શેઠ - ઘાટકોપર તરફથી ૫૦મી લગ્નની વર્ષગાંઠ નિમિત્તે

૫૧,૦૦૦/- મધુબેન મનસુખલાલ શેઠ ઘાટકોપર તરફથી ૫૦મી લગ્નની વર્ષગાઠ નિમિત્તે ભેટ

૫૦૦/- નીતાબેન હસમુખભાઈ દોશી વર્ધા (મહારાષ્ટ્ર) તરફથી સ્વ. હસમુખભાઈ નગીનદાસ દોશીના આત્મશ્રેયાર્થે ભેટ

૫૦૦/- પંકજભાઈ દુર્લભજી મહેતા તરફથી સ્વ. હર્ષદભાઈ દુર્લભજી મહેતાના આત્મશ્રેયાર્થે ભેટ

૫૦૧/- જીગ્નેશભઆઈ હરીલાલ મહેતા તરફથી ચિ. વૈદેહીના દિક્ષા પ્રસંગે

### આર્થિક સહાય ખાતે

૫૦૦/- શ્રી કિર્તીભાઈ રસિકલાલ વસા ચેમ્બુર તરફથી ચિ. કૌશલના લગ્ન પ્રસંગે ભેટ

૫૦૦/- શ્રી સુરેશચન્દ્ર શાંતિલાલ કોરડીયા ઘાટકોપર તરફથી ચિ. સાગરના વેવિશાળ પ્રસંગે

૫૦૦/- શ્રી નવીનચન્દ્ર પ્રતાપરાય દોશી તરફથી તેમની સુપુત્રી ચિ. મૈત્રીના વેવિશાળ પ્રસંગે ભેટ

૧૫૧/- શ્રી મેહુલભાઈ બીપીનભાઈ વોરા ઘાટકોપર તરફથી સ્વ. સાધનાબેન બિપીનભાઈ વોરાના આત્મશ્રેયાર્થે

### અનાજ વિતરણ ખાતે

૫૦૦/- શ્રી કિર્તીભાઈ રસિકલાલ વસા ચેમ્બુર તરફથી ચિ. કૌશલના લગ્ન પ્રસંગે ભેટ

## શ્રી તારાચંદ ધનજી મહેતા તબીબી રાહત યોજનામાં મળેલ ભેટની યાદી

૫,૦૦૧/- શ્રીમતી કુસુમબેન શાંતિલાલ શાહ રાજકોટ તરફથી સ્વ. રાયચંદ ઓતમચંદ શાહના આત્મશ્રેયાર્થે ભેટ

૫,૦૦૧/- શ્રીમતી કુસુમબેન શાંતિલાલ શાહ રાજકોટ તરફથી સ્વ. શાંતિલાલ રાયચંદ શાહના આત્મશ્રેયાર્થે

## માર્ચ માસના મુખપત્રના ''સૌજન્યદાતા''



શ્રીમતી ઈન્દુબેન
શ્રીકાંતભાઈ વસા

શ્રીમતી ઈન્દુબેન શ્રીકાંતભાઈ વસાએ આપણા સમાજના મહિલા વર્ગને નેતૃત્વ પૂરું પાડ્યું છે. તેઓએ અંધેરી, બાંદરા એસ.વી. જૈન સોશ્યલ સેન્ટરના લેડીઝ વીંગના ચેરપર્સન તરીકે યશસ્વી કામગીરી બજાવી હતી.

શ્રીકાંતભાઈ વસાની સફળતા પાછળ તેઓ એક મજબૂત પ્રેરક બળ રહ્યાં છે. તેમણે સામાજિક કાર્યો સાથે ગૃહિણી તરીકેની ફરજ ઉત્તમ રીતે નિભાવી છે અને પ્રસન્ન દામ્પત્યમાં મધુરતાની મહેક ઉભી કરી છે.

સંબંધોમાં સરળતા, મિલનસાર સ્વભાવ, મૈત્રીભાવ, દયા અને કરુણા આ બધા ગુણોએ તેમના વ્યક્તિત્વને નવો ઓપ આપ્યો છે. પારિવારીક શાંતિ, સદ્ભાવ અને સર્વને ઉપયોગી થવાની ભાવના હંમેશાં તેમના દિલમાં વહેતી રહી છે અને તેમના પરિચયમાં આવતા સૌ કોઈની લોકપ્રિયતા હાંસલ કરી છે. પરિવારમાં શિક્ષણ, શિસ્ત અને સંસ્કારનું સિંચન કરીને એક સુખી જીવનનું અનેરું દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. બંને દીકરીઓને ઉચ્ચ શિક્ષણ આપીને તેમને જીવનમાં પોતાની રીતે સ્વમાનથી કઈ રીતે ઊભા રહેવું તેના સંસ્કાર આપ્યા છે. તેમની મોટી પુત્રી આર્કિટેકટ (ડાયમંડ જ્વેલરી) તથા નાની પુત્રી સીએ. ફાઈનાન્શિયલ કન્સલ્ટન્ટ છે અને તેમણે સફળ કારકિર્દી બનાવી છે.

ઈન્દુબેનને કોઈપણ જાતનું અભિમાન કે કીર્તિ પ્રસિદ્ધિનો મોહ નથી. જે કાંઈ કરવું તે ચુપચાપ કરવું અને તેનો સંતોષ માણવો એ તેમનો સ્વભાવ છે. તેઓ મહાવીર જૈન વિદ્યાલયના પેટ્રન અને હિતવર્ધક છે. ઈન્દુબેન ખૂબ જ વ્યવહારકુશળ, પ્રેમાળ અને આનંદસભર વ્યક્તિત્વ ધરાવે છે. આદર્શ ગૃહિણી, સર્વગુણ સંપન્ન નારી, મમતાળુ માતા તરીકેની ભૂમિકા તેમણે સુપેરે નિભાવી છે.

સાવરકુંડલાથી મુંબઈ જેવા શહેરમાં આવીને પોતાની ડહાપણ, સમયસૂઝથી પરિવારમાં સમાઈ જઈને તેમણે સર્વેના દિલ જીતી લીધાં હતાં અને પોતાની આંતરશક્તિ દ્વારા જીવનને સમૃદ્ધ બનાવ્યું છે. જીવનમાં ભણતર કરતાં ગણતર વધુ મહત્ત્વનું છે અને જીવન એક મોટી પ્રયોગશાળા છે અને એમાં શીખતાં રહેવાનું છે એ તેમણે અનુભવથી સાબિત કર્યું છે.

તેઓ સંગીત, સાહિત્ય અને કલામાં ઊંડો રસ ધરાવે છે અને કલાગુર્જરી જેવી અનેક સંસ્થાઓ સાથે જોડાયેલાં છે. જીવનમાં સુખ અને દુઃખનું સમાનભાવે સ્વાગત કર્યું છે અને બધાંમાંથી પસાર થઈને તેમણે જીવનને ધ્યેયપૂર્ણ બનાવ્યું છે.

સમાજોત્કર્ષના અભિગમમાં ઈન્દુબેન ઉત્તરોત્તર પ્રગતિ સાધતાં રહે તથા ઈશ્વર તેમને દીર્ઘાયુષભર જીવન બક્ષે એવી સદ્ભાવના.

## ફેબ્રુઆરી માસના મુખપત્રના "સૌજન્યદાતા"



સ્વ. શ્રીમતી સવિતાબેન
હરસુખલાલ નંદલાલ વોરા

## મોટી પાનેલીના શ્રી લવચંદ વીરચંદ શેઠના સુપુત્રી સવિતાબેન.

શ્રીમતી સવિતાબેન ઘણાં જ લાગણીપ્રધાન હતાં. અને તેમના ૫૦ વર્ષના દાંપત્યજીવનમાં હંમેશાં શ્રી હરસુખભાઈ સાથે સુખ-દુઃખમાં સાથે ઊભા રહ્યાં હતાં. જ્યાં સુધી સવિતાબેન જીવ્યા ત્યાં સુધી તેમણે શ્રી હરસુખભાઈની સેવા કરી હતી અને તેમની સેવા જોયા પછી દરેક વ્યક્તિને સવિતાબેન માટે માન ઉપજે કે ૫૦-૫૦ વર્ષ સેવા કરતાં કદી પણ તેમને કંટાળો આવ્યો નહીં આમ

સવિતાબેન બહુ જ સાલસ સ્વભાવના હતાં અને ગમે તેનું કામ કરી આપવું એવી ભાવના સાથે જ તેમનું જીવન પૂરું કર્યું હતું.

શ્રી હરસુખભાઈના મહેમાનો આવે એ તેમને બહુ જ ગમતું અને તેમને ત્યાં સવિતાબેનના હાથનો રોટલો બહુ જ મોટો અને સ્વાદિષ્ટ હતો એટલે ગમે ત્યારે મહેમાનો આવતા જતા રહેતાં.

પૂ. સવિતાબેનમાં સંયુક્ત કુટુંબની ભાવના હરહંમેશાં રહેલ હતી.

**PRINTED MATTER** RNI - 22805 /1973 - SOATH VISHSHRIMALI (Gujarati - Monthly)
POSTED AT KALBADEVI HEAD POST OFFICE, MUMBAI - 400 002.

Printed & Published by Rajendra Ottamchand Punatar on behalf SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ Printed at Arihant Printing Press, Behind Trikal Bldg., 310, Saibaba Nagar, Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Tarachand Dhanjibhai Mehta Karyalaya, Devkaran Mansion, Block No. 7, 2nd Floor, Mangaldas Road, Mumbai - 400 002. Editor : RAJENDRA OTTAMCHAND PUNATAR